dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 108 | AD - 2026, Maha Sud - 06 | Saturday, Dt. 24-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### તિરુવનંતપુરમમાં પીએમ મોદીએ ત્રણ નવી અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી

# કેરળ ગઠબંધનની સરકારથી મુક્ત થવા માગે છે : મોદી

તિરુવનંતપુરમ,તા.૨૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે કેરળની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદીએ કેરળમાં ઈનોવેશન અને આંત્રપ્રિન્યોરશિપ હબનો શિલાન્યાસ કર્યો. તેમણે પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડ પણ લોન્ચ કર્યું, જેનો લાભ શેરી વિક્રેતાઓને મળશે. તિરુવનંતપુરમમાં, પીએમ મોદીએ ત્રણ નવી અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપીઃ નાગરકોઈલ-મેંગલુરુ, તિરુવનંતપુરમ-તાંબરમ, તિરુવનંતપુરમ-ચારલાપલ્લી, અને ત્રિશુર અને ગુરુવાયુર વચ્ચે એક નવી પેસેન્જર ટ્રેન.

તિરુવનંતપુરમમાં, પીએમ મોદીએ કહ્યું, "આજે, કેરળના વિકાસ માટે કેન્દ્ર સરકારના પ્રયાસોને નવી ગતિ મળી છે. કેરળમાં રેલ કનેક્ટિવિટી મજબૂત થઈ છે. તિરુવનંતપુરમને દેશમાં એક મુખ્ય સ્ટાર્ટઅપ હબ બનાવવા માટે એક પહેલ કરવામાં આવી છે. આજે, ગરીબોના કલ્યાણને લગતી એક મોટી પહેલ કેરળથી સમગ્ર દેશ માટે પણ શરૂ કરવામાં આવી રહી છે. પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડ શરૂ કરવામાં આવ્યું છે. આનાથી દેશભરના શેરી વિક્રેતાઓ અને ફૂટપાથ કામદારોને ફાયદો થશે."

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "વિકસિત ભારત બનાવવા માટે આખો દેશ સાથે મળીને કામ કરી રહ્યો છે. આપણા શહેરોએ આ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. છેલ્લા ૧૧ વર્ષથી, આપણી સરકારે શહેરી માળખાગત સુવિધાઓમાં




નોંધપાત્ર રોકાણ કર્યું છે."

વડાપ્રધાન મોદીએ પોસ્ટ કર્યું, "હું આજે તિરુવનંતપુરમમાં ભાજપ-એનડીએ જાહેર સભાને સંબોધવા માટે આતુર છું. આ શહેરે તાજેતરમાં પૂર્ણ થયેલી મ્યુનિસિપલ ચૂંટણીઓમાં અમને વિજય અપાવીને ઈતિહાસ રચ્યો. એ સ્પષ્ટ છે કે કેરળ એલડીએફ અને યુડીએફ વચ્ચે ચાલી રહેલા ગોટાળાથી મુક્ત થવા માંગે છે."

રેલ કનેક્ટિવિટી વધારવા માટે, પ્રધાનમંત્રીએ ૩ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનો સહિત ૪ નવી ટ્રેન સેવાઓને લીલી ઝંડી આપી. એક સત્તાવાર નિવેદન અનુસાર, આનાથી આંધ્રપ્રદેશ, કેરળ, તમિલનાડુ, કર્ણાટક અને તેલંગાણા વચ્ચે પ્રાદેશિક જોડાણ મજબૂત બનશે.

નવી ટ્રેનો મુસાફરો માટે મુસાફરીને વધુ સસ્તી અને સલામત બનાવશે. ઉપરાંત, પ્રદેશમાં પર્યટન, વ્યવસાય, શિક્ષણ, રોજગાર અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને પણ વેગ આપશે.

પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડ, એક યુપીઆઈ-લિંક્ડ વ્યાજ-મુક્ત ફરતી ક્રેડિટ સુવિધા, શેરી વિક્રેતાઓને ભંડોળની તાત્કાલિક ઍક્સેસ પ્રદાન કરશે. આ ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપશે અને તેમને ઔપચારિક ક્રેડિટ ઈતિહાસ બનાવવામાં મદદ કરશે.

પ્રધાનમંત્રી મોદી કેરળમાં શેરી વિક્રેતાઓ સહિત ૧૦૦,૦૦૦ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ લોનનું વિતરણ કર્યું. વિજ્ઞાન અને નવીનતા ક્ષેત્રમાં, પ્રધાનમંત્રી મોદીએ તિરુવનંતપુરમમાં સીએસઆઈઆર-એનઆઈઆઈએસટી ઈનોવેશન, ટેકનોલોજી અને ઉદ્યોગસાહસિકતા હબનો શિલાન્યાસ પણ કર્યો.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીનું સ્વાગત કરતા કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કહ્યું કે આ કેરળના વિકાસ માટે એક મોટો દિવસ છે.

## કાનપુરમાં પોલીસની રેઈડ દરમિયાન મકાનમાંથી બે કરોડ રોકડા, ૬૧ કિલો ચાંદી મળી આવી

(એચ.એસ.એલ),કાનપુર,તા.૨૩

કાનપુરમાં કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવામાં અને ગેરકાયદેસર આર્થિક પ્રવૃત્તિઓને રોકવામાં પોલીસ કમિશનરેટે મોટી સફળતા મેળવી છે. ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરતા, ક્રાઈમ બ્રાન્ચની ટીમે ધનકુટ્ટી વિસ્તારમાં આવેલા એક ઘર પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં હવાલા અને ગેરકાયદેસર ચલણ વ્યવહારો સાથે સંકળાયેલા એક મોટા રેકેટનો પર્દાફાશ થયો. ઘટનાસ્થળેથી આશરે ૨ કરોડ રોકડા અને આશરે



૬૧ કિલોગ્રામ ચાંદી મળી આવી હતી. ચાંદીની અંદાજિત બજાર કિંમત પણ આશરે ૨ કરોડ હોવાનો અંદાજ છે. પોલીસે નેપાળી ચલણ પણ જપ્ત કર્યું છે, જે આ રેકેટના આંતરરાષ્ટ્રીય પરિમાણને દર્શાવે છે.

દરોડામાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જે ઘરમાં આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી હતી તે ગુપ્તાનું છે. દરોડાની માહિતી મળતાં, પોલીસ કમિશનર રઘુવીર લાલ અને સંયુક્ત કમિશનર વિનોદ કુમાર ઘટનાસ્થળે પહોંચ્યા અને સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કર્યું. આ દરોડો કાનપુર પોલીસના અભિયાનનો એક ભાગ છે, જે ગેરકાયદેસર સંપત્તિ સંચય, હવાલા કામગીરી અને કાળા નાણાંના નેટવર્કને તોડી પાડવા પર કેન્દ્રિત છે.

પોલીસ હવે આરોપીઓના બેંક ખાતા, મોબાઈલ ડેટા, મિલકતો અને સહયોગીઓની સંપૂર્ણ તપાસ કરી રહી છે. આ સફળતાથી કાનપુરના રહેવાસીઓનો પોલીસમાં વિશ્વાસ વધ્યો છે.

## દિલ્હીથી પુણે આવી રહેલી ઈન્ડિગો ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ન્યૂ દિલ્હી,તા.૨૩

દિલ્હીથી પુણે આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ૬E-૨૬૦૮ને ગુરુવારે સાંજે બોમ્બની ધમકી મળી હતી. પુણે એરપોર્ટ પર લેન્ડિંગ પછી સુરક્ષા એજન્સીઓએ વિમાનની સંપૂર્ણ તપાસ કરી, પરંતુ કોઈ વિસ્ફોટક મળ્યો નહીં. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફ્લાઈટનો નિર્ધારિત સમય સાંજે ૮:૪૦ વાગ્યાનો હતો, પરંતુ વિમાન ૯:૨૪ વાગ્યે પુણે એરપોર્ટ પર



ઉતર્યું. ૯:૨૭ વાગ્યે ફ્લાઈટને પાર્ક કરવામાં આવી. આ પછી એર ટ્રાફિક કંટ્રોલ (ATC) એ બોમ્બની ધમકીની સૂચના એપ્રન કંટ્રોલને આપી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફ્લાઈટના ટોઈલેટમાં ટિશ્યુ પેપર પર હાથથી લખેલી એક નોટ મળી, જેમાં ફ્લાઈટમાં બોમ્બ હોવાની વાત લખેલી હતી. ફ્લાઈટને આઈસોલેશન પાર્કિંગમાં ખસેડવામાં આવી હતી. એપ્રન કંટ્રોલે તમામ સંબંધિત એજન્સીઓને જાણકારી આપી.

બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) એ વિમાનની સંપૂર્ણ તપાસ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે તપાસ દરમિયાન કોઈ પણ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી નથી.

**તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો**

## અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશમાં પહેલાથી ખામીઓ હતી : અમેરિકાનો દાવો

**૨૦૨૨માં ઉડાન દરમિયાન વિમાનમાં આગ લાગવાની પણ ઘટના બની હતી**

અમદાવાદ,તા.૨૩

અમદાવાદમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ ક્રેશ થયેલા એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭ વિમાનમાં અગાઉથી જ ઘણી ગંભીર તકનીકી ખામીઓ હતી. ચાર વર્ષ પહેલાં પ્લેનમાં આગ પણ લાગી હતી. અમેરિકા સ્થિત ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી (FAS)એ દાવો કર્યો છે



કે વિમાનમાં ઈલેક્ટ્રિકલ સિસ્ટમ ફેલ થવાથી એક પછી એક ઘણી સિસ્ટમ બંધ થઈ ગઈ હતી. આ જ દુર્ઘટનાનું કારણ બન્યું હોઈ શકે છે. આ દુર્ઘટનામાં ૨૬૦ લોકોનાં મોત થયા હતા. વિમાન ટેક-ઓફની થોડી જ સેકન્ડ પછી અમદાવાદના રહેણાક વિસ્તારમાં પડી ગયું હતું. ૨૦૧૪થી જ ટેક્નિકલ ખામીઓ આવી રહી હતી. FAS અનુસાર, આ બોઈંગ ૭૮૭ વિમાન ૨૦૧૪થી ઉડ્ડયનોમાં ઉપયોગમાં લેવાઈ રહ્યું હતું. વ્હિસલબ્લોઅરના દસ્તાવેજોના આધારે સંસ્થાનો દાવો છે કે વિમાનમાં શરૂઆતથી જ વારંવાર તકનીકી અને સિસ્ટમ સંબંધિત સમસ્યાઓ સામે આવતી રહી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૨માં ઉડાન દરમિયાન વિમાનમાં આગ લાગવાની ઘટના પણ બની હતી. એનાથી વિમાનની અંદરની સિસ્ટમને નુકસાન થયું હોઈ શકે છે. FASનું કહેવું છે કે આવી ઘટનાઓની જાણકારી સાર્વજનિક કરવામાં આવી ન હતી. FASનો મુખ્ય દાવો છે કે દુર્ઘટનાનું મૂળ ઈલેક્ટ્રિકલ ફેલ્યર હોઈ શકે છે. સંગઠન મુજબ, આધુનિક વિમાનોમાં મોટા ભાગની સિસ્ટમ વીજળી અને સોફ્ટવેર સાથે જોડાયેલી હોય છે. આવા કિસ્સામાં વીજળી સપ્લાયમાં ખરાબી આવતાં ઘણી સિસ્ટમ એકસાથે બંધ થઈ શકે છે. સંગઠને કહ્યું હતું કે વિમાનની ટેક્નિકલ સ્થિતિ અને કોકપિટ વોઈસ રેકોર્ડિંગ સાથે જોડાયેલો પૂરો ડેટા હજુ સુધી સાર્વજનિક કરવામાં આવ્યો નથી. આના વિના એ સ્પષ્ટ થતું નથી કે સિસ્ટમ કયા ક્રમમાં ફેલ થઈ.

## હું હંમેશા બાળાસાહેબના વિઝનને પૂર્ણ કરવા કામ કરીશ : મોદીએ ટ્વીટ કર્યું

નવીદિલ્હી,તા.૨૩

શિવસેના પક્ષના સ્થાપક અને મહારાષ્ટ્રના રાજકારણમાં અગ્રણી વ્યક્તિ, બાળાસાહેબ ઠાકરેની ૧૦૦મી જન્મ જયંતિ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમની જન્મ શતાબ્દી નિમિત્તે તેમને પુષ્પાંજલિ આપી. પીએમ મોદીએ બાલ ઠાકરે સાથેના પોતાના જૂના ફોટા શેર કર્યા અને તેમની પ્રશંસા કરી. તેમણે બાલ ઠાકરેને તીક્ષ્ણ બુદ્ધિ, શક્તિશાળી વક્તૃત્વ કૌશલ્ય અને મજબૂત વિશ્વાસ ધરાવતા



નેતા તરીકે વર્ણવ્યા. એકસ પર એક ટ્વિટમાં, પીએમ મોદીએ કહ્યું, "મહાન બાલાસાહેબ ઠાકરેની જન્મ શતાબ્દી પર, અમે એક એવા મહાન વ્યક્તિત્વને પુષ્પાંજલિ આપીએ છીએ જેમણે મહારાષ્ટ્રના સામાજિક-રાજકીય પરિદૃશ્યને ગહન રીતે આકાર આપ્યો.

તેમની તીક્ષ્ણ બુદ્ધિ, શક્તિશાળી વક્તૃત્વ કૌશલ્ય અને મજબૂત વિશ્વાસ માટે જાણીતા, બાલાસાહેબનો લોકો સાથે એક અનોખો સંબંધ હતો. રાજકારણ ઉપરાંત, બાલાસાહેબને સંસ્કૃતિ, સાહિત્ય અને પત્રકારત્વ પ્રત્યે પણ ઊંડો જુસ્સો હતો. કાર્ટૂનિસ્ટ તરીકેની તેમની કારકિર્દી સમાજ પ્રત્યેની તેમની ઊંડી સમજ અને વિવિધ મુદ્દાઓ પર તેમની નિર્ભય ટિપ્પણીને પ્રતિબિંબિત કરે છે.






## ૧૦ ગ્રામ સોનું રૂ.૧.૫૫ લાખ, ચાંદી પ્રતિ કિલો રૂ.૩.૧૯ લાખે પહોંચ્યા



મુંબઈ,તા.૨૩

સોનાના ભાવ ૨૩ જાન્યુઆરીએ ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનું ૪,૩૦૦ રૂપિયા વધીને ૧૦ ગ્રામ દીઠ ૧,૫૫,૪૨૮ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તે ૧,૫૧,૧૨૮ રૂપિયા પર હતું. જ્યારે, ૧ કિલો ચાંદી ૧૯,૨૪૯ રૂપિયા વધીને ૩,૧૮,૯૬૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા ગુરુવારે તે ૨,૯૯,૭૧૧ રૂપિયા પર હતી. આ વર્ષે માત્ર ૨૩ દિવસમાં સોનું ૨૨,૨૩૩ રૂપિયા અને ચાંદી ૮૮,૫૪૦ રૂપિયા મોંઘી થઈ ચૂકી છે.




# વરસડા નજીક ખીચોખીચ ૨૨૫ ઘેટા-બકરા ભરેલો ટ્રક ઝડપાયો

અમરેલી,તા.૨૩

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં વરસડા નજીક ટ્રકમાં ખીચોખીચ ભરેલા બકરા લઈ જવાતા હોવાની માહિતી મળતા પોલીસે ટ્રકચાલકની અટકાયત કરી તેમના વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદી પો. કોન્સ્ટેબલ અક્ષયરાજ સિંહ જશુભા ગોહીલ દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓએ અશોક લેલન્ડ ટ્રકના ફાલકામાં પાર્ટેશન કરી ઉપર-નીચે કૃરતાપૂર્વક નાના-મોટા ઘેટા તથા બકરાને ખીચોખીચ ભર્યા હતા. પશુઓ માટે પૂરતું પાણી કે ઘાસચારો ઉપલબ્ધ ન હતો તેમજ સક્ષમ અધિકારી અથવા વેટરનરી અધિકારીનું પ્રમાણપત્ર કે પાસ પરમીટ વિના ગેરકાયદેસર રીતે હેરાફેરી કરવામાં આવી રહી હતી જેથી પોલીસે ટ્રકમાં સવાર આરોપીઓ મહેબુબભાઈ અલીભાઈ શેખ, વસીમભાઈ યુસુફભાઈ કાલવા, આશીફભાઈ મહમદભાઈ બાવનકા અને જુનેદભાઈ યુસુફભાઈ બાવનકા સામે કાર્યવાહી કરી છે. પોલીસે કુલ ૨૨૫ ઘેટા-બકરા (કિં.રૂ.૧૧,૨૫,૦૦૦/-) તથા ટ્રક (કિં.રૂ.૮,૦૦,૦૦૦/-) મળીને કુલ રૂ.૧૯,૨૫,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ઘટનાની જાણ થતા રેલવે અધિકારીઓ, સ્થાનિક પોલીસ, ડોગ સ્કવોડ અને ફોરેન્સિક ટીમે તપાસ શરૂ કરી**

# ચિતલ-ખીજડીયા વચ્ચે અજાણ્યા શખ્સોએ ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરતા ખળભળાટ

**ટ્રેક પર પથ્થરો અને ફેન્સિંગ ગોઠવવામાં આવ્યા હતા**

અમરેલી,તા.૨૩

અમરેલી તાલુકાના ચિતલ અને ખીજડીયા રેલવે સ્ટેશન પાસે અજાણ્યા શખ્સો દ્વારા ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં ટ્રેક પર પથ્થરો અને ફેન્સિંગ ગોઠવવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે રેલવે સુરક્ષા દળે તપાસ શરૂ કરી છે. ગત રોજ ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન ચિતલ અને ખીજડીયા સ્ટેશન વચ્ચેથી પસાર થવાની હતી. તે સમય દરમ્યાન રેલવે ટ્રેક પર મોટા પથ્થરો અને ફેન્સિંગ માટે વપરાતા સિમેન્ટના પોલ ટ્રેક પર પડેલા જોતા લોકોપાયલટે



તાત્કાલીક ટ્રેનને ઉભી રાખી હતી. તેમજ રેલવે ટ્રેક પરથી પથ્થરો અને ફેન્સિંગ હટાવ્યા બાદ ટ્રેનને જવા દેવામાં આવી હતી. ઘટનાની જાણ રેલવેના ઉચ્ચ અધિકારીઓને થતા ઉચ્ચ અધિકારીઓ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચ્યા હતા.

ઉપરાંત, તપાસ એજન્સીઓ પણ ઘટના સ્થળે પહોંચી હતી. હાલ રેલવે પ્રોટેક્શન ફોર્સ અને સ્થાનિક પોલીસ, ડોગ સ્કવોડ અને ફોરેન્સિક ટીમ તેમજ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યુરો અને રેલવે પોલીસની પણ ખાસ ટીમોએ તપાસ શરૂ કરી છે.

**સા.કુંડલાના સેંજળ ગામના પ્રૌઢ શાણા વાકીયા ગામે લગ્નપ્રસંગમાં જઈ રહ્યા હતા ત્યારે બન્યો બનાવ**

# જાફરાબાદના પાટી માણસા ગામ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત : પ્રૌઢનું મોત

નાગેશ્રી,તા.૨૩

નાગેશ્રી પોલીસ મથક હેઠળના પાટી માણસા ગામ પાસે ગુરૂવારે બપોરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સાવરકુંડલાના સેંજળ ગામના એક પ્રૌઢનું મોત નિપજ્યું છે. સેંજળ ગામના રહેવાસી ભનુભાઈ રામભાઈ ખુમાણ પોતાનું મોટરસાયકલ (GJ-૦૪-R-૨૪૩૫) લઈને શાણા વાકીયા ગામે લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા. બપોરે આશરે ૩:૦૦ વાગ્યાના સુમારે લોર-પાટી માણસા રોડ પર શ્યામ પેટ્રોલ પંપ પાસે એક બેફામ ગતિએ આવતી ફોરવ્હીલ કાર (GJ-૦૩-ME-૮૫૩૩) ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ભનુભાઈ મોટરસાયકલ સાથે રોડ સાઈડના ખાડામાં ફંગોળાયા હતા. માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થવાને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મૃતકના ભાઈ હનુભાઈ ખુમાણની ફરિયાદના આધારે નાગેશ્રી પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચાવંડથી જાનબાઈ દેરડી ગામ વચ્ચે વાહનની અડફેટે પુરૂષનું મોત

લાઠી,તા.૨૩

લાઠી પંથકમાં વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. ચાવંડથી જાનબાઈ દેરડી ગામ વચ્ચેના હાઈવે રોડ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે એક અજાણ્યા પુરુષને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. ગુરૂવારના રોજ વહેલી સવારે આશરે ૬:૦૦ વાગ્યાના અરસામાં આ અકસ્માત સર્જાયો હતો. પોલીસ ફરિયાદ મુજબ, એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રોડ પર જઈ રહેલા પુરુષને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જ્યા બાદ વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઈ કામળીયાએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલ પી.એસ.આઈ. કે.કે. પાંડવ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલાનો એકમાત્ર ‘જનતા બાગ’ જંગલમાં ફેરવાયો : સફાઈના અભાવે નાગરિકોમાં આક્રોશ

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા શહેરનું એકમાત્ર મુખ્ય ફરવાલાયક અને શાંતિનું સ્થળ ગણાતો ‘જનતા બાગ’ હાલ તંત્રની બેદરકારીના કારણે અત્યંત દયનીય સ્થિતિમાં મુકાઈ ગયો છે. બગીચામાં ઘાસ અને ઝાડીઓ એટલી હદે ઉગી નીકળી છે કે બગીચો જંગલ જેવો બની ગયો છે, જેના કારણે નાગરિકોમાં રોષ જોવા મળી



રહ્યો છે. શહેરની દોડધામ ભરેલી જિંદગીમાં લોકો અહીં કુદરતી વાતાવરણમાં શાંતિ મેળવવા આવે છે, પરંતુ હાલ બગીચામાં બાંકડા ઉપર બેસવાનું તો દૂર, પગ મુકવાની પણ જગ્યા રહી નથી. આ સ્થિતિને કારણે સવારે વોકિંગ અને વ્યાયામ માટે આવતા નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ નાગરિકોને ભારે અસુવિધા ભોગવવી પડી રહી છે. રજાના દિવસોમાં જે સ્થળ લોકોનું પ્રિય હતું તે હવે સફાઈના અભાવે ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. શહેરીજનો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે કે સવારે વોકિંગ માટે ક્યાં જવું? આથી સાવરકુંડલા નગરપાલિકાના સત્તાધીશો પાસે માંગ કરવામાં આવી છે કે બગીચામાં તાત્કાલિક ઘાસ કાપણી અને સફાઈ કરવામાં આવે તેમજ બાંકડા અને અન્ય સુવિધાઓ પુનઃસ્થાપિત કરી બાગની નિયમિત જાળવણી કરવામાં આવે.

# ‘ઋણાનુબંધ ભાગ-૪’ પુસ્તકનું લોકાર્પણ અને રૂ.૧૪ કરોડની નર્મદા પાઈપલાઈન યોજનાનું ખાતમુહૂર્ત કરતા મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા/લીલીયા વિધાનસભામાં વિકાસ અને જનસેવાના બે મહત્વપૂર્ણ પ્રસંગો એકસાથે ઉજવાયા હતા. સાવરકુંડલામાં નર્મદાના નીર પહોંચાડવા માટે રૂ.૧૪ કરોડના ખર્ચે પાઈપલાઈન યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેનાથી શહેર



અને આસપાસના વિસ્તારોને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ બનશે. આ સાથે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સેવા અને વિકાસકાર્યનું સરવૈયું રજૂ કરતું “ઋણાનુબંધ – ભાગ ૪” પુસ્તકનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં માનવમંદિરના પુજ્ય ભક્તિરામ બાપુ, સાંસદ ભરતભાઈ સુતરીયા, યુથ આઈકોન કેતનભાઈ કાનપરીયા અને મોટિવેશન સ્પીકર ધર્મેન્દ્રભાઈ કનાલા ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં નાગરિકો, કાર્યકરો અને પત્રકારોની હાજરી રહી હતી.

**:: અસલ દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટીસ ::**

આથી હુ નીચે સહી કરનાર એડવોકેટ અશ્વિન એમ.પટેલ, રહે.અમરેલીના આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ/તાકીદ કરૂ છુ કે:

અમારી પાસેથી અમારા અસીલ શ્રી સોનલબેન વીરેનભાઈ રાજપરા, રહે.અમરેલીવાળાની બાનાખત વાળી મિલકત કે જેનુ વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી સુધરાઈ હદમાં વરસડા રોડથી સુખનિવાસ કોલીની તરફ જતા રસ્તે,રહેણાંક હેતુ માટેનો પ્લોટ,
રે.સ.નં.૬૯ પૈકી, સીટી સર્વે નં.૨૭૦૪ પૈકી, પ્લોટ નં.૧૮ પૈકી,
જેના કુલ ચો.મી. ૨૯૬–૯૨, બાનાખત રજી.નં.૨૮૬, તારીખ : ૧૯/૧/૨૦૨૬

ઉપરોકત મિલ્કતની ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ ચકાસતા તેમા, સબ-રજીસ્ટ્રાર કચેરી-અમરેલીના અનુક્રમ નં.૨૩૮૪/૨૦૧૪, તા.૭/૭/૨૦૧૪ નો અસલ રજી.વેચાણ દસ્તાવેજ જે કનૈયાલાલ ચીમનલાલ કારીયાના નામ જોગ થયેલ છે તે અસલ દસ્તાવેજ લઈશ્રી અતુલભાઈ હરીલાલ મહેતા અને હિમાંશુભાઈ હરીલાલ મહેતા તા.૧૯/૧/૨૦૨૬ ના રોજ સવારના સુખનિવાસ કોલોનીથી કલેકટર કચેરી વચ્ચે આ અસલ દસ્તાવેજ કયાંક પડી જતા ખોવાઈ ગયેલ છે જે અંગેની લેખિતમા જાણ અમરેલી સીટી પોલીસ સ્ટેશને તા.૨૦/૧/૨૦૨૬ ના રોજ કરેલ છે અને આજદિન સુધી તપાસ કરતા વેચાણ દસ્તાવેજ નં.૨૩૮૪/૨૦૧૪, મળી આવેલ નથી આ અસલ દસ્તાવેજની જગ્યાએ કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પ્રમાણીત નકલ અમારા સમક્ષ ટાઈટલ ફાઈલમા રજુ થયેલ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતા ને જણાવવાનુ કે,ઉપરોકત જણાવેલ અસલ દસ્તાવેજ જો કોઈને મળી આવેલ હોય તો અમોને દિન-૭મા નીચેના સરનામે રજુ કરશો.તેમજ ઉપરોકત મિલ્કત ઉપર કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણ દેણ, હકક, હિત, હિસ્સો, લાગભાગ, અગ્રહકક, ગીરો–બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનારને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત)મા લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી,જો તેમ નહી કરવામાં આવે તો કોઈનુ કંઈ લેણ કે દેણ કે હકક,હિત,હિસ્સો,અગ્રહકક, ગીરો–બોજો,તારણ કે ભાડુઆતી હકક નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની આ મિલ્કત અંગે અમો ટાઈટલ કલીયરન્સ સટીર્ફીકેટ ઈસ્યુ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યાર બાદ કોઈપણ વ્યકિતનો કોઈ પણ પ્રકારનો વાંધા કે તકરાર ધ્યાને લેવામા આવશે નહિ. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ: ૨૩/૧/૨૦૨૬

**અશ્વિન એમ.પટેલ**
એડવોકેટ એન્ડ નોટરી
આકાર કોમ્પલેક્ષ,પ્રથમ માળ,
નાગનાથ મહાદેવ બસ સ્ટોપની બાજુમા,
સરકારી ગર્લ્સ હાઈ સ્કૂલ પાસે,
અમરેલી.




Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર **મેતર જેનુબેન હારુનભાઈ** જાહેર કરૂ છુ કે મારૂ જૂનું નામ **મેતર જેનુબેન હારુનથી** બદલીને નવું નામ **મેતર જેનુબેન હારુનભાઈ** કરવામાં આવ્યુ છે. તેથી હું **મેતર જેનુબેન હારુનભાઈ** તરીકે ઓળખાઈશ.

**સહી : મેતર જેનુબેન હારુનભાઈ**
સરનામું : જીવીમાં મંજીલ, શાક માર્કેટ સામે, રતન પોલ, ઈન્દિરા શોપીંગ સેન્ટર, અમરેલી - ૩૬૫૬૦૧

**નામ અને અટક બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર **મેતર હારુનભાઈ ઓસમાણભાઈ** જાહેર કરૂ છુ કે મારૂ જૂનું નામ **મેતર હારુન ઓસમાણથી** બદલીને નવું નામ **મેતર હારુનભાઈ ઓસમાણભાઈ** કરવામાં આવ્યુ છે. તેથી હું **મેતર હારુનભાઈ ઓસમાણભાઈ** તરીકે ઓળખાઈશ.

**સહી : મેતર હારુનભાઈ ઓસમાણભાઈ**
સરનામું : જીવીમાં મંજીલ, રતન પોલ, ઈન્દિરા શોપીંગ સામે, સરકારવાડા અમરેલી - ૩૬૫૬૦૧

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.27/2026

**પ્રતિ,**
શ્રી સોનલબેન ભીખુભાઈ મકવાણા,
રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મોરવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ ભીખુભાઈ મુળુભાઈ મકવાણા તથા સોનલબેન ભીખુભાઈ મકવાણાના પુત્ર ભરત ભીખાભાઈ મકવાણા નો જન્મ તારીખ **01/05/2014** ના રોજ કોડીનાર તાલુકાના મોરવડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મોરવડ, તાલુકો-કોડીનાર સને.**2014** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૪/૨૦૨૬

અરજદાર :- બટુકભાઈ મનજીભાઈ દયાળા
રહે.શેરી નં.૧૬, માણેકપરા-૨, રોકડવાડી, તા.જી.અમરેલી
મો. ૯૪૨૭૭ ૪૭૦૫૨

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.શેડુભાર, તા. જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં અરજદારશ્રી બટુકભાઈ મનજીભાઈ દયાળા તેઓના ભત્રીજા રમેશકુમાર રણછોડભાઈ દયાળાની જન્મ (તા.૦૧/૦૩/૧૯૬૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.26/2026

**પ્રતિ,**
શ્રી બાલુભાઈ લુંભાભાઈ સોસા,
રહે.સિંધાજ, ગામ-સિંધાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત સિંધાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સિંધાજ ગામના રહીશ લુંભાભાઈ ત્રીકમભાઈ સોસા તથા ઘાનીબેન લુંભાભાઈ સોસાના પુત્ર બાલુભાઈ લુંભાભાઈ સોસાનો જન્મ તારીખ **01/05/1959** ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત સિંધાજ, તાલુકો-કોડીનાર સને.**1959** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# મતદાર યાદીમાંથી નામ કાપવાની કાર્યવાહી સામે જિલ્લા કોંગ્રેસનું કલેક્ટરને આવેદનપત્ર

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ–૨૦૨૫ અંતર્ગત ફોર્મ નં. ૭ દ્વારા મોટા પ્રમાણમાં મતદારોના નામ જાણ વગર કાપવામાં આવ્યાના આક્ષેપ સાથે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ મુદ્દે સ્થાનિક નાગરિકો તથા કોંગ્રેસ કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો છે. અમરેલી લોકસભા વિસ્તારની પાંચ વિધાનસભાઓમાં ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદી બાદ ફોર્મ નં. ૭ મારફતે નામ કાપવાની પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓ થઈ હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. નિયમ મુજબ ફોર્મ નં. ૭ દાખલ થતાં મતદારોને વ્યક્તિગત નોટિસ આપવી, BLO દ્વારા સ્થળ પર ચકાસણી કરવી, આધારભૂત પુરાવા એકત્ર કરવાના રહે છે અને ત્યારબાદ જ ERO દ્વારા અંતિમ નિર્ણય લેવો જરૂરી છે. પરંતુ અનેક કેસોમાં આ પ્રક્રિયાનો





સંપૂર્ણ ભંગ થયો હોવાનો આરોપ કોંગ્રેસ દ્વારા મૂકવામાં આવ્યો છે. આ અંગે પત્રકાર પરિષદ યોજી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યું કે અનેક મતદારોને કોઈપણ પ્રકારની નોટિસ આપવામાં આવી નથી, BLO દ્વારા સ્થળ તપાસ કરાઈ નથી અને પુરાવા વિના ફોર્મ નં. ૭ મંજૂર કરવામાં આવ્યા છે. વધુમાં, રજાના દિવસોમાં પણ ફોર્મ નં. ૭ સ્વીકારવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે, જે સ્પષ્ટ રીતે નિયમ વિરુદ્ધ છે. ચૂંટણી કચેરીઓમાં CCTV કેમેરા હોવા છતાં તેના ફૂટેજ સાચવી ન રાખવામાં આવતા સમગ્ર પ્રક્રિયાની પારદર્શિતાને લઈને પ્રશ્નો ઊભા થયા છે. આ મામલે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુધાતની અધ્યક્ષતામાં કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ફોર્મ નં. ૭ દ્વારા થયેલી તમામ કાર્યવાહીની પુનઃતપાસ કરવા, નિયમ વિરુદ્ધ રીતે કાપવામાં આવેલા મતદારોના નામ તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા તથા જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો લોકશાહી અધિકારોના રક્ષણ માટે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ કોંગ્રેસ દ્વારા આપવામાં આવી હતી. આ સમયે સંદીપ ધાનાણી, રફીકભાઈ મોગલ, રમેશભાઈ ગોહિલ, ટીકુભાઈ વરુ, સત્યમભાઈ મકાણી, દેવચંદભાઈ દુધાત, અનિલ શેખ, જમાલભાઈ સરવૈયા, રમેશભાઈ પરમાર, ખોડાભાઈ માલવિયા, રસિકભાઈ ગજેરા, જનકભાઈ દુધાત, નૈનેશભાઈ દુધાત, રાવજીભાઈ પાનસુરીયા, પ્રભાતભાઈ સોલંકી ગૌતમભાઈ વસાવા, અશોકભાઈ ગોંડલીયા, યુનુશભાઈ કનુભાઈ ડોડીયા સહિત કોંગ્રેસના અનેક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**૧૮ વર્ષથી ફરજ બજાવતા TLE અને MIS કર્મીઓની રોજીરોટી પર સંકટ : નિર્ણય પાછો ખેંચવા અને સેવા ચાલુ રાખવા માંગણી**

# ઈ-ગ્રામ યોજનાના ૧૫૦૦ કર્મચારીઓને આદેશ થતા સાંસદને રજૂઆત

સાવરકુંડલા, તા.૨૩

ગુજરાત રાજ્યમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ TLE તેમજ MIS પોસ્ટ ઉપર છેલ્લા દાયકાથી ફરજ બજાવતા કર્મચારીઓને આગામી તા. ૧લી ફેબ્રુઆરીથી છૂટા કરી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ આદેશના પગલે રાજ્યભરના આશરે ૧૫૦૦ જેટલા કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આ અંગે અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત કર્મચારીઓએ અમરેલીના સાંસદ અને જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયાને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી. કર્મચારીઓની રજૂઆત મુજબ, તેઓ છેલ્લા ૧૮ વર્ષથી અમરેલી જિલ્લા/તાલુકા કક્ષાએ ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત TLE/ મેનપાવર/૧૫fc CE/TA પોસ્ટ ઉપર સંપૂર્ણ નિષ્ઠાથી ફરજ બજાવી રહ્યા છે. આ સમયગાળા દરમિયાન તેમણે ઈ-ગવર્નન્સ,



ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ચૂંટણી કામગીરી, વહીવટી કામગીરી અને સરકારની વિવિધ ડિજિટલ સેવાઓ નાગરિકો સુધી પહોંચાડવાનું કામ મર્યાદિત સાધનો વચ્ચે પણ કર્યું છે. એકાએક છૂટા કરવાના આદેશથી કર્મચારીઓના પરિવારના ભવિષ્ય અને જીવન નિર્વાહ પર ગંભીર અસર પડે તેમ છે. કર્મચારીઓએ રજૂઆત કરી હતી કે, તેમની લાંબી સેવા, અનુભવ અને યોજનાના હિતને ધ્યાનમાં રાખીને છૂટા કરવાની કાર્યવાહી તાત્કાલિક સ્થગિત કરવામાં આવે અથવા યોગ્ય નીતિગત નિર્ણય લઈ સેવા ચાલુ રાખવાની તક આપવામાં આવે. આ અંગે ઉપલી કક્ષાએ રજૂઆત પહોંચાડવા ભરતભાઈ સુતરીયાને વિનંતી કરવામાં આવી હતી.

**અજાણ્યા ઈસમે કોપર વાયરની ચોરી કરી**

# પીપાવાવ પોર્ટના રેલવે ગોડાઉન પાસે રાખેલા પાઈલીંગ મશીનોમાં તોડફોડ

અમરેલી,તા.૨૩

મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ પીપાવાવ પોર્ટના રેલવે ગોડાઉન પાસે અજાણ્યા ઈસમે મશીનોમાં તોડફોડ કરી કોપર વાયરની ચોરી કરતા કંપનીના કર્મચારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. મરીન પીપાવાવ પોલીસ મથકે તાજેતરમાં એલ એન્ડ ટી (L&T) કંપનીના મશીનોમાંથી કિંમતી સામાનની ચોરી થવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનાની વિગત મુજબ, પીપાવાવ પોર્ટના રેલવે ગોડાઉન પાસે રાખેલા કંપનીના પાઈલીંગ રીગ અને વાઈબ્રો હેમર મશીનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. કોઈ અજાણ્યા તસ્કરોએ મશીનોની તોડફોડ કરી તેમાંથી સોલોનાઇડ, કન્ટ્રોલ પેનલ, રિમોટ કન્ટ્રોલ અને એસી તેમજ હાઈડ્રોલિક કુલરના રેડિયેટરને નુકસાન પહોંચાડ્યું હતું. આ ઉપરાંત, અંદાજે ૧૦ કિલો કોપર વાયર (કિંમત રૂ. ૫૦૦૦/-) ની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. કંપનીના કર્મચારી ચંદ્રમોલી ચંદ્રમોહન પાંડેએ આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસ એ.એસ.આઈ. એચ.એલ. રાઠોડે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજુલા નાગરિક બેંકના નવનિયુક્ત હોદ્દેદારોનું મુસ્લિમ સમાજ દ્વારા સન્માન

રાજુલા,તા.૨૩

રાજુલા નાગરિક બેંકની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ તરીકે વિજયભાઈ કોટીલા અને ઉપપ્રમુખ તરીકે કશ્યપભાઈ પારેખની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક બાદ રાજુલાના મુસ્લિમ સમાજ દ્વારા નવનિયુક્ત હોદ્દેદારોનું વિશેષ સન્માન કરવામાં



તસવીર : ગોપાલ રાઠોડ

આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ વિજયભાઈ કોટીલા, ઉપપ્રમુખ કશ્યપભાઈ પારેખ તેમજ ડિરેક્ટર પ્રફુલભાઈ રાજ્યગુરુ સહિતના ડિરેક્ટરોનું શાલ અને પુષ્પગુચ્છ આપીને સન્માન કરાયું હતું. સન્માન સમારોહમાં હિંદુ-મુસ્લિમ સમાજના વિવિધ ક્ષેત્રોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શશીભાઈ રાજ્યગુરુ, આરીફભાઈ જોખ્યા, નિરવભાઈ ભટ્ટ, રાજુભાઈ જોખ્યા અને જયેશભાઈ સાલુકે સહિતના આગેવાનોએ હાજરી આપી પ્રમુખ, ઉપપ્રમુખ તથા ડિરેક્ટરોને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે સુભાષચંદ્ર બોઝના જન્મદિવસની ઉજવણી

અમરેલી,તા. ૨૩

શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલી શાળામાં તા.૨૩ના રોજ ભારતના મહાન સપૂત અને સ્વાતંત્ર્યવીર સુભાષચંદ્ર બોઝનો જન્મ દિવસ દેશભક્તિની ભાવનાથી ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ દ્વારા સુભાષચંદ્રની પ્રતિમાને નમસ્કાર કરી તેમના



જીવન અને કાર્યનો વિદ્યાર્થીઓને પરિચય આપી તેમના જીવનમાંથી દેશપ્રેમના પાઠ શીખવાની પ્રેરણા આપી હતી. ઉપરાંત વસંતપંચમી નિમિત્તે સરસ્વતી પૂજન કરી વિદ્યાર્થીઓએ તથા શિક્ષકગણ દ્વારા પુષ્પ અર્પણ કરી નમસ્કાર કરી મા સરસ્વતી પાસે વિદ્યાના દાન માટે આસ્થાભેર નમન કરવામાં આવ્યા હતા. આ તકે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસિયાએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને સુંદર કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર **મેતર જેનુબેન હારુનભાઈ** જાહેર કરૂ છુ કે મારૂ જૂનું નામ **મેતર જેનુબેન હારુન**થી બદલીને નવું નામ **મેતર જેનુબેન હારુનભાઈ** કરવામાં આવ્યુ છે. તેથી હું **મેતર જેનુબેન હારુનભાઈ** તરીકે ઓળખાઈશ.

**સહી : મેતર જેનુબેન હારુનભાઈ**

સરનામું : જીવીમાં મંજીલ, શાક માર્કેટ સામે, રતન પોલ, ઈન્દિરા શોપીંગ સેન્ટર, અમરેલી - ૩૬૫૬૦૧

## નામ અને અટક બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર **મેતર આઈશાબેન ઓસમાણભાઈ** જાહેર કરૂ છુ કે મારૂ જૂનું નામ **તેલી આઈશા ઓસમાણ**થી બદલીને નવું નામ **મેતર આઈશાબેન ઓસમાણભાઈ** કરવામાં આવ્યુ છે. તેથી હું **મેતર આઈશાબેન ઓસમાણભાઈ** તરીકે ઓળખાઈશ.

**સહી : મેતર હારુનભાઈ ઓસમાણભાઈ**

સરનામું : જીવીમાં મંજીલ, રતન પોલ, ઈન્દિરા શોપીંગ સામે, સરકારવાડા અમરેલી - ૩૬૫૬૦૧

## નામ અને અટક બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર **મેતર હારુનભાઈ ઓસમાણભાઈ** જાહેર કરૂ છુ કે મારૂ જૂનું નામ **તેલી હારુન ઓસમાણ**થી બદલીને નવું નામ **મેતર હારુનભાઈ ઓસમાણભાઈ** કરવામાં આવ્યુ છે. તેથી હું **મેતર હારુનભાઈ ઓસમાણભાઈ** તરીકે ઓળખાઈશ.

**સહી : મેતર હારુનભાઈ ઓસમાણભાઈ**

સરનામું : જીવીમાં મંજીલ, રતન પોલ, ઈન્દિરા શોપીંગ સામે, સરકારવાડા અમરેલી - ૩૬૫૬૦૧

## નામ અને અટક બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર **મેતર ઓસમાણભાઈ જમાલભાઈ** જાહેર કરૂ છુ કે મારૂ જૂનું નામ **તેલી ઓસમાણ જમાલ**થી બદલીને નવું નામ **મેતર ઓસમાણભાઈ જમાલભાઈ** કરવામાં આવ્યુ છે. તેથી હું **મેતર ઓસમાણભાઈ જમાલભાઈ** તરીકે ઓળખાઈશ.

**સહી : મેતર હારૂનભાઈ ઓસમાણભાઈ**

સરનામું : જીવીમાં મંજીલ, રતન પોલ, ઈન્દિરા શોપીંગ સામે, સરકારવાડા અમરેલી - ૩૬૫૬૦૧

## અવસાન નોંધ

**જસદણ**

જસદણ ખારચિયા(હનુમાન) નિવાસી ઔદીચ્ય ગુજરાતી સાડા ચારસો બ્રાહ્મણ સ્વ. ભાનુશંકર દિવ્યશંકર વ્યાસના પુત્ર હિંમતભાઈ ભાનુશંકર વ્યાસ(ઉ.વ.૬૪) તેઓ સ્વ.જયંતીલાલ, કનુભાઈ, સ્વ.હસમુખભાઈ, પ્રતાપભાઈ, સ્વ.મનુભાઈ, સ્વ.ગૌરીશંકરના નાનાભાઈ તથા સ્વ.જયંતીભાઈ કાનજીભાઈ જોષી(જસદણ) ના જમાઈ અને આનંદભાઈ, રાજુભાઈના બનેવી તેમજ યોગેશના પિતાનું તા.૧૯ ના અવસાન થયેલ છે.

# રાજુલામાં આહીર સમાજનો સમૂહ લગ્નોત્સવ, મહારક્તદાન કેમ્પ યોજાશે

રાજુલા,તા.૨૩

રાજુલામાં શ્રી પાંચાળી આહીર ચેરીટેબલ ટ્રસ્ટ અને આહિર સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા આગામી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૨૫મા રજત જયંતિ સમૂહલગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જનકપુરી ડુંગર રોડ ખાતે ડૉ. જે.એમ. વાઘમશીના અધ્યક્ષસ્થાને યોજાનારા આ મંગલ પ્રસંગે ૨૧ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં પાડશે. છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત આ સમિતિના રજત જયંતિ મહોત્સવમાં અનેક સંતો-મહંતો, રાજકીય આગેવાનો અને સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. લગ્ન મહોત્સવની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો અને એક મહારક્તદાન શિબિરનું પણ આયોજન કરાયું છે. આ શિબિર ડૉ. હિતેશ હડિયા, જયેશ જીંજાળા અને મયુર વાળાના સહયોગથી યોજાશે. આ પ્રસંગને લઈને સમગ્ર રાજુલા પંથકના આહીર સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.





GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.25/2026

**પ્રતિ,**
શ્રી વાઢીયા સંજયભાઈ મોહનભાઈ,
રહે.નવાગામ, ગામ-નવાગામ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નવાગામ, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના નવાગામ ગામના રહીશ સંજયભાઈ મોહનભાઈ વાઢિયા તથા પ્રવિણાબેન સંજયભાઈ વાઢિયાના પુત્ર હર્ષિલભાઈ સંજયભાઈ વાઢિયાનો જન્મ તારીખ **14/04/2008** ના રોજ કોડીનાર તાલુકાના નવાગામ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત નવાગામ, તાલુકો-કોડીનાર સને.**2008** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


સંકુલ B.Sc.-M.Sc. કોલેજ
માઈક્રોબાયો - બાયોટેક - બાયોકેમ
સંકુલ B.A.-M.A. કોલેજ
ઇંગ્લીશ - સાયકોલોજી - સોસીયોલોજી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત - Ad178

શું તમને સાંભળવાની તકલીફ છે ?



નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**સ્કોર્પીયો કાર માટે રાજકોટના યુવકે રૂ.૧૭.૯૦ લાખ પડાવ્યા હતા**

# બગસરાના નવા જાંજરીયાના યુવકને સ્કોર્પીયો કાર લેવાનું ભારે પડ્યું

**આરોપીએ ૧૦ લાખની લોન અને રૂ.૩.૨૯ લાખ જ પરત કરી રૂા.૪.૬૦ લાખની છેતરપિંડી કરી**

બગસરા,તા.૨૩

બગસરાના નવા જાંજરીયા ગામના એક યુવાન સાથે સ્કોર્પીયો કાર અપાવવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. મળતી વિગત મુજબ, બગસરાના નવા જાંજરીયા ગામના વતની અને હાલ હરિયાણાના પલવલમાં વ્યવસાય કરતા વિવેકભાઈ જીતેન્દ્રભાઈ કોલડીયાને મહિન્દ્રા કંપનીની સ્કોર્પીયો જી૧૧ મોડલની કાર લેવાની હતી. આ માટે તેમણે રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર વર્ધમાન હાઈટ્સમાં રહેતા હાર્દનગીરી ભુપતગીરી રામદતીનો સંપર્ક કર્યો હતો. આરોપી હાર્દનગીરીએ વિવેકભાઈને વિશ્વાસમાં લઈ કાર અપાવવાના બહાને અલગ-અલગ સમયે કુલ રૂા. ૧૭,૯૦,૦૦૦ પડાવ્યા હતા. લાંબો સમય વીતવા છતાં આરોપીએ ગાડીની ડિલીવરી આપી નહોતી. રકમ પરત માંગતા આરોપીએ ૧૦ લાખની લોન અને રૂા. ૩,૨૯,૫૦૦ પરત કર્યા હતા, પરંતુ બાકી નીકળતા રૂા. ૪,૬૦,૫૦૦ આજદિન સુધી પરત ન આપી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે બગસરા પોલીસે ગુનો નોંધી એ.એસ.આઈ હિતેષભાઈ વાળાએ વધુ તપાસ હાથ ધરી છે.

**સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય મહેશ કસવાળા, ભક્તિરામબાપુની હાજરીમાં**

# સાવરકુંડલા શહેરમાં નાવલી નદીને પુનર્જીવિત કરવાની યોજનાનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૩

સાવરકુંડલા શહેરમાં વર્ષોથી સૂકી પડેલી નાવલી નદીને પુનર્જીવિત કરવા માટેની મહત્વપૂર્ણ યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ રૂ. ૧૪ કરોડના ખર્ચે નર્મદાના નીરને સુખનેરા ડેમમાં ઠાલવી નાવલી નદીને નવપલ્લવિત કરવામાં આવશે. યોજનાનું ખાતમુહૂર્ત



માનવ મંદિરના સંત ભક્તિ બાપુ, સાંસદ ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો, સરકારી અધિકારીઓ તેમજ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ યોજના પૂર્ણ થતાં સાવરકુંડલા વિસ્તારમાં પાણીની તંગી દૂર થવાની આશા છે. નાવલી નદીના પુનર્જીવનથી ખેતી, પીવાનું પાણી અને પર્યાવરણને લાભ મળશે તેમજ સમગ્ર વિસ્તારના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે.

# બાબરાના મોટા દેવળીયા ગામે મહિલાએ ભુલથી ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાઈ

**આ ઘટનાની જાણ બાબરા પોલીસને કરવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી**

બાબરા,તા.૨૩

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે એક ચોંકાવનારી દુર્ઘટના સામે આવી છે. અહીં રહેતા શિલ્પાબેન કરશનભાઈ ઈસોટીયા (ઉ.વ. ૪૭) નામના મહિલાને ગત ૨૨ જાન્યુઆરીના રોજ સવારે પેટમાં ગેસની તકલીફ થતાં તેઓ ગેસનો પાઉડર પીવા ગયા હતા. જોકે, ભૂલથી બાજુમાં પડેલો અનાજમાં નાખવાની ઝેરી દવાનો પાઉડર પી લેતા તેમની તબિયત લથડી હતી. ઉલ્ટી અને ઉબકા જેવી ગંભીર અસર થતાં તેમને તાત્કાલિક ગોંડલની શ્રીજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ અંગે પ્રફુલભાઈ ઈસોટીયાએ બાબરા પોલીસ મથકે જાણ કરતા હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ હેરમા અને જે.એમ. ડાંગરે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નર્મદા સિમેન્ટ કંપની અને જાફરાબાદ ટાઉન દ્વારા માર્ગ સલામતી ઝુંબેશ યોજાઈ

**વાહનચાલકોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું**

જાફરાબાદ,તા.૨૩

'માર્ગ સલામતી સપ્તાહ' અંતર્ગત નર્મદા સિમેન્ટ કંપની અને જાફરાબાદ ટાઉન પોલીસના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ જાગૃતિ અભિયાન યોજાયું હતું. યુનિટ હેડ રાજેશ



તસવીર : બાબુભાઈ વાઢેળ

આનંદજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ટાઉન પી.આઈ. ભાસ્કનજી, સિક્યુરિટી હેડ અજીત ચૌબે અને તેમની ટીમ જોડાઈ હતી. આ ઝુંબેશ દરમિયાન હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ કરનાર શિસ્તબદ્ધ વાહનચાલકોનું ગુલાબ, ચોકલેટ અને ટોપી આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ, અન્ય લોકોને ટ્રાફિક નિયમો જેવા કે ગતિ મર્યાદા, મોબાઈલનો ત્યાગ અને નશો કરી વાહન ન ચલાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી. આશરે ૫૦૦થી વધુ નાગરિકોએ આ અભિયાનનો લાભ લીધો હતો.

# રાજુલામાંથી ૧૯ વર્ષીય યુવતી ઘરેથી જાણ કર્યા વગર જતી રહી

રાજુલા,તા.૨૩

રાજુલા શહેરમાં બીડી કામદાર સોસાયટીમાં રહેતી ૧૯ વર્ષીય યુવતી ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રમેશભાઈ રૂખડભાઈ પરમારની પુત્રી ચેતલબેન (ઉ.વ.૧૯) ગત તારીખ ૧૫/૦૧/૨૦૨૬ ના રોજ વહેલી સવારે આશરે ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક જતી રહી છે. પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં યુવતીનો કોઈ પત્તો ન લાગતા આખરે રાજુલા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. રાજુલા પોલીસે આ મામલે ગુમ જાણવા જોગ નં. ૦૨/૨૦૨૬ હેઠળ નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ અનાર્મ હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા ચલાવી રહ્યા છે. જો કોઈને આ યુવતી અંગે માહિતી મળે તો પોલીસ સ્ટેશન અથવા રમેશભાઈ પરમારના મોબાઈલ નંબર ૯૬૨૪૨ ૮૩૫૫૧ પર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

**મહુવામાં રહેતા પાંચ શખ્સોએ રાજુલા ખાતે રહેણાંક મકાને આવી હુમલો કર્યો**

# રાજુલાના યુવકને યુવતી સાથે મિત્રતા ભારે પડી : પાંચ શખ્સોએ ઢોર માર માર્યો

રાજુલા,તા.૨૩

રાજુલામાં ઘાંચીવાડ વિસ્તારમાં મિત્રતા રાખવાની અદાવતમાં એક યુવક પર પાંચ શખ્સોએ હથિયારો સાથે ધસી આવી હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરિયાદી બિલાલભાઈ રહીમભાઈ કાબરીયા (ઉ.વ. ૩૮) ને આરોપી સોયેબ અને મકસુદની બહેન સાથે મિત્રતા હતી.

આ બાબતની જાણ આરોપીઓને થતા તેનું મનદુઃખ રાખી હુમલાનું કાવતરું ઘડ્યું હતું. તા. ૨૧ જાન્યુઆરીના રોજ સાંજના સમયે મહુવાના પાંચ શખ્સો - સોયેબ શેખડા, રિયાજ શેખડા, મકસુદ શેખડા, હફીજ શેખડા અને આરીફ શેખડા - સફેદ કલરની ક્રેટા ગાડી લઈને બિલાલભાઈના ઘરે પહોંચ્યા હતા.

આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી, ઘરમાં ઘૂસી બિલાલભાઈને ગાળો આપી લાકડીઓ અને છરી વડે આડેધડ ઘા માર્યા હતા. આ હુમલામાં ફરિયાદીને કપાળ, પગ અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. વચ્ચે બચાવવા પડેલા સાહેદોને પણ લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી. રાજુલા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એમ.એફ. ચૌહાણે વધુ તપાસ હાથ ધરી છે.

**યુવકને ઈજા થતા સારવારમાં ખસેડાયો, મહુવાના શખ્સો સામે ફરિયાદ નોંધાઈ**

# રાજુલા બસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈકની ચોરી થતા પોલીસ ફરિયાદ

રાજુલા,તા.૨૩

અમરેલી જિલ્લામાં જાણે બાઈકચોરો સક્રિય બન્યા હોય તેવું લાગી રહ્યું છે. સરેરાશ બે-ત્રણ દિવસે બાઈક ચોરીની ઘટના પ્રકાશમાં આવે છે. જેમાં રાજુલા બસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈક ચોરીની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, જૂની બારપટોળી ગામના ખેડૂત મનસુખભાઈ દેવશીભાઈ લાડુમોરે પોતાનું હીરો હોન્ડા CD-DAWN (નંબર GJ-૫-DJ-૭૭૪૫) બસ સ્ટેશનમાં પાર્ક કર્યું હતું. ગત તારીખ ૨૦ જાન્યુઆરીના રોજ સવારથી સાંજ દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ આશરે રૂ. ૧૫,૦૦૦ની કિંમતનું મોટરસાયકલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ મામલે ફરિયાદીએ ૨ રાજુલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

**જુની બારપટોળી ગામના ખેડૂતની બાઈક અજાણ્યો ઈસમ ઉપાડી ગયો**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૨૪-૦૧-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૩,
સૂર્યાસ્ત-૦૫:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૧-૨૦૨૬ શનિવાર

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો તો લાભ થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. લવમેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે.

મકર: કૌટુંબિક ખર્ચમાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. તમારો આત્મવિશ્વાસ વધશે.

**ભચાઉના રહેવાસી ઘેટા ચરાવતા હતા ત્યારે બન્યો બનાવ**

# દામનગરમાં પશુપાલકને અવાવરૂ જગ્યાએ લઈ જઈ પાંચ શખ્સોએ ઢીકાપાટુનો માર માર્યો

**પશુપાલકના હાથમાંથી ૫૦૦ ગ્રામ ચાંદીનું કડુ પણ લૂંટી લીધુ**

દામનગર,તા.૨૩

દામનગર ટાઉન વિસ્તારમાં પશુપાલકને ખેતરમાં ઘેટાં ચરાવવાની લાલચ આપી માર મારી રૂ. ૧.૫૦ લાખની લૂંટ ચલાવવાનો બનાવ સામે આવ્યો છે. કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના રહેવાસી અર્જુનભાઈ વકુભાઈ ખાંભલા (ઉ.વ. ૪૦) પોતાના ઘેટાં ચરાવવા માટે દામનગર વિસ્તારમાં હતા. ૨૧ જાન્યુઆરીના રોજ આરોપીઓએ તેમને પોતાના ખેતરમાં ઘેટાં ચરાવવાનું કહી એક અવાવરું જગ્યાએ બોલાવ્યા હતા. ત્યાં પૂર્વ આયોજિત કાવતરું રચી પાંચ શખ્સોએ ભેગા મળી ફરિયાદીને ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો. આરોપીઓએ ફરિયાદી પર હુમલો કરી, તેમના જમણા હાથમાં પહેરેલું આશરે ૫૦૦ ગ્રામ ચાંદીનું કડું (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦) લૂંટી લીધું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. દામનગર પોલીસે અર્જુન નાવડીયા, કિશન પરમાર, નીર અને તપાસમાં ખુલેલ હાર્દિક ઉર્ફે બાવલો સહિત પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાબરા તાલુકાના કોટડાપીઠા ગામનો યુવાન ગુમ થતા પોલીસને જાણ કરાઈ

બાબરા,તા.૨૩

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા અનીલભાઈ ડુંગરભાઈ ચોવટીયા (ઉ.વ. ૩૦) ગત તા. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ બપોરના બારેક વાગ્યાના અરસામાં કર્ણુકી ગામે આવેલ મેલડી માતાજીના મંદિરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર અગમ્ય કારણોસર ક્યાંક ચાલ્યા ગયા છે.

આ અંગે તેમના પત્ની પીનલબેન ચોવટીયાએ બાબરા પોલીસ મથકે જાણ કરતા પોલીસે ગુમ જાણવા જોગ નં. ૦૨/૨૦૨૬ મુજબ નોંધ કરી તપાસ હાથ ધરી છે. ખેતીકામ કરતા અનીલભાઈની શોધખોળ માટે હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ ચૌહાણ અને અનાર્મ એ.એસ. આઈ. જયદેવસિંહ સોલંકી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. જો કોઈને આ યુવાન અંગે માહિતી મળે તો બાબરા પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# વડીયાના તોરી ગામે મહિલા પાસેથી દેશી દારૂ ઝડપાયો

**પોલીસે દંપતી સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી**

વડીયા,તા.૨૩

અમરેલી જિલ્લામાં દેશી દારૂ પર પોલીસે ઘોંસ બોલાવી છે. આમ છતાં છાનેખૂણે દેશી દારૂ વેચાતો હોવાની જાણ થતા પોલીસે વડીયાના તોરી ગામે રહેણાંક મકાન પર રેઈડ કરતા મહિલાને દેશી દારૂ સાથે ઝડપી પાડી હતી. વડીયાના તોરી ગામેથી પોલીસે રેડ દરમિયાન કિરણબેન ભરતભાઈ રાઠોડને પાંચ લીટર દેશી દારૂ (કિંમત રૂ.૧૦૦૦) સાથે ઝડપી લીધી હતી. પોલીસ તપાસમાં ખૂલ્યું હતું કે આ જથ્થો તેના પતિ ભરતભાઈ બધાભાઈ રાઠોડે પૂરો પાડ્યો હતો. પોલીસે પતિ-પત્ની વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો છે. આરોપી ભરતભાઈ હાલ ફરાર હોવાથી એ.એસ.આઈ. એસ. એલ. જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે. વડીયા પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

**પ્રેમિકાનો ભાઈ વારંવાર ઘરે આવી પૈસાની માંગણી કરતો હતો**

# પતિના પ્રેમસંબંધથી કંટાળી રાજુલાની પરિણીતાએ આપઘાતનો પ્રયાસ કર્યો

રાજુલા,તા.૨૩

રાજુલામાં નવા રેલવે સ્ટેશન સામે મફત પ્લોટ વિસ્તારમાં રહેતા એક પરિણીતાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે.

ઘટનાની વિગત મુજબ, ૩૦ વર્ષીય ગીતાબેન હરસુરભાઈ ધાખડાએ માનસિક ત્રાસથી કંટાળી આ પગલું ભર્યું હતું. જાણવા મળતી માહિતી મુજબ, ભોગબનનારના પતિને સેજલબેન નામની યુવતી સાથે પ્રેમસંબંધ હોય, તેનો ભાઈ અવારનવાર ઘરે આવી પૈસાની માંગણી કરતો હતો.

એટલું જ નહીં, જો પૈસા નહીં આપે તો ગીતાબેનના દિયર પર છેડતીનો ખોટો કેસ કરવાની અને ગીતાબેનને પણ ધમકીઓ આપવામાં આવી હતી. આ સતત મળતી ધમકીઓ અને પારિવારિક કંકાસથી કંટાળી ગીતાબેને ફિનાઈલ પી લીધું હતું. હાલ તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રાજુલા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

**ભોગ બનનારને અને તેમના દિયર પર છેડતીનો ખોટો કેસ કરવાની ધમકી અપાતી હતી**

તંત્રી લેખ

# સડક સુરક્ષાના નવા નિયમો અને આપણી સામૂહિક જવાબદારી

ભારતીય સડકો પર દર વર્ષે હજારો લોકો કમોતે મરી જાય છે. આ આંકડો માત્ર એક સંખ્યા નથી, પરિવારોમાં પડતો દુઃખનો પહાડ છે. આ સમસ્યાનું નિરાકરણ ફક્ત કાયદો ઘડવાથી જ નહીં, પરંતુ સમગ્ર સમાજમાં સડક સંસ્કૃતિમાં મૂળભૂત પરિવર્તન લાવવાથી જ શક્ય છે. કેન્દ્ર સરકારનો નવો નિયમ, જે મુજબ એક વર્ષમાં પાંચ અથવા વધુ વાર ટ્રાફિક નિયમો ભંગ કરનારનું ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ અથવા રદ કરી શકાય છે, એ આ દિશામાં ઉઠાવવામાં આવેલું એક નિર્ણાયક પગલું છે. તેનો હેતુ માત્ર દંડ ભરાવવાનો નથી, પરંતુ વર્તનમાં સ્થાયી સુધારો લાવવાનો છે. આ નિયમની ખાસિયત એ છે કે તે ડ્રાઈવરને સુધારાનો સતત મોકો આપે છે. દરેક નવા વર્ષે ગણતરી ફરી શૂન્યથી શરૂ થાય છે, જે એવો સંકેત છે કે ભૂલ કરવી માનવીય છે, પરંતુ તેને પુનરાવર્તિત કરવી ગંભીર લાપરવાહી છે. પરંપરાગત રીતે, લાઈસન્સ રદ બાતલ મોટા ગુનાઓ સુધી જ સીમિત હતું, પરંતુ નવો ચોખ્ખો સંદેશ એ છે કે હેલમેટ ન પહેરવું, સીટબેલ્ટ ન બાંધવો, ગતિમર્યાદા ઓળંગવી અથવા લાલ બત્તી તોડવી જેવી "નાની" ભૂલો પણ જીવલેણ પરિણામ આપી શકે છે. જ્યારે આવી ભૂલો પાંચ વાર થાય, ત્યારે તે ડ્રાઈવરની બેદરકાર માનસિકતાનું સૂચક બને છે, અને એવી માનસિકતા સાથે વાહન ચલાવવું સમાજ માટે જોખમરૂપ છે. આ નિયમની અસરકારકતા તેના પારદર્શી અને નિષ્પક્ષ અમલીકરણ પર આધાર રાખે છે. નિયમ દંડની સત્તા આરટીઓ અથવા જિલ્લા પરિવહન અધિકારીને આપે છે, પરંતુ નિર્ણય પહેલાં ડ્રાઈવરનો પક્ષ સાંભળવાની જોગવાઈ પણ સાથે જોડાયેલી છે. આ ન્યાયી પ્રક્રિયા ભ્રષ્ટાચાર અને મનમાનીની શક્યતા ઘટાડે છે. વધુમાં, આજના ડિજિટલ યુગમાં ટ્રાફિક ઉલ્લંઘનોનો રેકોર્ડ રાખવો વધુ સરળ બન્યું છે. સ્માર્ટ કેમેરા, ઈ-ચલાણ પ્રણાલી અને કેન્દ્રીયકૃત ડેટાબેઝ દ્વારા ડ્રાઈવરના વર્તનની સચોટ નોંધ શક્ય બની છે. આ તકનીકી સહાયથી નિયમોનો અમલ વધુ વ્યવસ્થિત અને પક્ષપાતરહિત બનવાની સંભાવના છે. સડક સુરક્ષાના પ્રશ્નમાં તકનીકની ભૂમિકા ફક્ત નિગરાની સુવિધા સુધી જ મર્યાદિત નથી. આધુનિક વાહનોમાં ઉપલબ્ધ ઍડવાન્સ્ડ ડ્રાઈવર અસિસ્ટન્સ સિસ્ટમ્સ (ADAS) માનવીય ભૂલોને નોંધીને અકસ્માત ટાળવામાં નોંધપાત્ર ફાળો આપી શકે છે. ઉદાહરણ તરીકે, ઓટોમેટિક ઈમર્જન્સી બ્રેકિંગ સિસ્ટમ આગળ અચાનક અવરોધ આવે ત્યારે સક્રિય થાય છે. લેન ડિપાર્ચર વોર્નિંગ ડ્રાઈવરને ધ્યાનભંગ થયે અથવા ઊંઘ આવે ત્યારે સચેત કરે છે. એડેપ્ટિવ ક્રૂઝ કંટ્રોલ આગળના વાહન સાથે સુરક્ષિત અંતર જાળવી રાખે છે. આ તકનીકો, ખાસ કરીને લાંબા પ્રવાસ અને હાઈવે ડ્રાઈવિંગ દરમિયાન, એક અદૃશ્ય સહ-ડ્રાઈવરની જેમ કામ કરી અકસ્માતના જોખમને ઘટાડે છે. પરંતુ, તકનીક ક્યારેય વ્યક્તિગત જવાબદારીનું સ્થાન નથી લઈ શકતી. ટેક્નોલોજી એક સહાયક સાધન છે, સમસ્યાનો અંતિમ ઉકેલ નહીં. સડક સુરક્ષાનો આધાર અંતે ડ્રાઈવરની સચેતતા, ધીરજ અને નિયમો પ્રત્યેના સન્માન પર જ ટકે છે. નવા નિયમની સફળતા માટે સમાજના દરેક વર્ગની સક્રિય ભાગીદારી આવશ્યક છે. શિક્ષણતંત્રે બાળપણથી જ ટ્રાફિક નિયમોનું મહત્ત્વ સમજાવવું જોઈએ. માતા-પિતાએ પોતાના વર્તનથી બાળકો માટે ઉદાહરણ બનવું જોઈએ. મીડિયા અને સામાજિક સંસ્થાઓ સુરક્ષિત ડ્રાઈવિંગ પર નિયમિત ચર્ચા અને જાગૃતિ ફેલાવી શકે છે. સ્થાનિક સમુદાયો અને ગૈર-સરકારી સંસ્થાઓ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

# અશાંત અમેરિકામાં ગૌતમ બુદ્ધની શાંતિયાત્રા



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વિશ્વના સૌથી શક્તિશાળી દેશોમાં ગણાતા અમેરિકાના હૃદયમાં શાંતિનો સાવ સાદો પરંતુ ગહન સંદેશ લઈને પગપાળા આગળ વધતી બૌદ્ધ સાધુઓની શાંતિયાત્રા આજે વૈશ્વિક ધ્યાન ખેંચી રહી છે. ટેક્સાસ રાજ્યથી શરૂ થયેલી અને વૉશિંગ્ટન સુધી પહોંચવાની આ દીર્ઘ યાત્રા માત્ર ભૌગોલિક અંતર કાપતી મુસાફરી નથી, પરંતુ માનવ હૃદયોને જોડતી એક આધ્યાત્મિક યાત્રા છે. આધુનિકતા, ભૌતિક સુખ અને ઝડપી જીવનશૈલીમાં જીવતા અમેરિકન સમાજને અહિંસા, કરુણા અને શાંતિનો સંદેશ આપતી આ યાત્રા વિશ્વભરમાં આશાનું પ્રતીક બની છે. અમેરિકામાં ૩૭૦૦ કિલોમીટરથી વધુ અંતર કાપતી આ શાંતિયાત્રા ટેક્સાસ રાજ્યમાંથી શરૂ થઈ હતી. ૧૨૦ દિવસ સુધી ચાલનારી આ યાત્રામાં કુલ ૨૪ બૌદ્ધ સાધુઓ જોડાયા છે, જે પગપાળા અલગ અલગ રાજ્યોમાંથી પસાર થઈને અંતે અમેરિકાના પાટનગર વૉશિંગ્ટન પહોંચશે. અત્યાર સુધીમાં ૮૨ દિવસની યાત્રા પૂર્ણ કરીને સાધુઓનો સંઘ નોર્થ કેરોલિનાના શાર્લોટ શહેર સુધી પહોંચી ગયો છે. દરેક રાજ્ય અને શહેરમાં તેમને હર્ષભર્યો આવકાર મળી રહ્યો છે. લોકો ફૂલોથી, સ્મિતથી અને મૌન પ્રાર્થનાથી આ સાધુઓનું સ્વાગત કરે છે. અનેક સ્થળોએ સામાન્ય નાગરિકો થોડા કિલોમીટર સુધી સાધુઓ સાથે પગલાં મિલાવી ચાલે છે, જે આ યાત્રાની માનવીય અસર દર્શાવે છે. આ શાંતિયાત્રાો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધ, હિંસા, જાતિવાદ અને દ્વેષથી પીડાતા વિશ્વને શાંતિનો માર્ગ બતાવવાનો છે. અમેરિકાના વિવિધ રાજ્યોમાં ફરીને સાધુઓ શાંતિ, સહઅસ્તિત્વ અને આંતરિક સંતુલનનો સંદેશ આપી રહ્યા છે. અલગ અલગ રાજ્યોના સ્થાનિક બૌદ્ધ સાધુઓ પણ આ યાત્રામાં જોડાઈ રહ્યા છે, જેના કારણે આ આંદોલન વધુ વ્યાપક અને સંયુક્ત બની રહ્યું છે. શાંતિયાત્રા જ્યાં જ્યાં જાય છે ત્યાં લોકોમાં આત્મમંથન અને સંવાદનો માહોલ સર્જાય છે. આ યાત્રાની આત્મા ગૌતમ બુદ્ધના જીવનદર્શન સાથે ગાઢ રીતે જોડાયેલી છે. ગૌતમ બુદ્ધનો જન્મ ઈસવી પૂર્વે ૫૬૩માં લુંબિનીમાં થયો હતો, જે આજના નેપાળમાં આવેલું છે. રાજકુમાર સિદ્ધાર્થ તરીકે જન્મેલા બુદ્ધે વૈભવ અને સુખ-સગવડ વચ્ચે ઉછેર લીધો, પરંતુ માનવ જીવનના દુઃખ, રોગ, વૃદ્ધાવસ્થા અને મરણના દ્રશ્યો જોઈને તેમના મનમાં ગહન પ્રશ્નો ઊભા થયા. આ પ્રશ્નોના ઉત્તર શોધવા માટે તેમણે રાજમહેલ અને રાજસુખનો ત્યાગ કર્યો અને સંન્યાસનો માર્ગ અપનાવ્યો. દીર્ઘ તપસ્યા અને આત્મચિંતન બાદ બોધગયા ખાતે તેમને બોધિ પ્રાપ્ત થઈ અને તેઓ ગૌતમ બુદ્ધ બન્યા. બુદ્ધે જે માર્ગ દર્શાવ્યો તે મધ્યમ માર્ગ તરીકે ઓળખાય છે, જેમાં અતિભોગ અને અતિકઠોર ત્યાગ બંનેથી દૂર રહેવાની વાત કરવામાં આવી છે. દુઃખનું કારણ તૃષ્ણા છે અને દુઃખથી મુક્તિ માટે કરુણા, સમ્યક વિચાર અને અહિંસા જરૂરી છે, એવો બુદ્ધનો ઉપદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે. બુદ્ધનું જીવનદર્શન માત્ર ધાર્મિક ઉપદેશ નથી, પરંતુ માનવ જીવનને સંતુલિત અને શાંતિપૂર્ણ બનાવવાની એક વૈશ્વિક ફિલસૂફી છે. અમેરિકાની આ શાંતિયાત્રામાં બુદ્ધના આ જ સિદ્ધાંતો જીવંત સ્વરૂપે જોવા મળે છે. સાધુઓ કોઈ ભાષણ કે વિવાદ વગર, માત્ર પોતાના પગલાં, મૌન અને સહનશીલતા દ્વારા સંદેશ આપે છે. તેમની શાંત ચાલ, સરળ જીવન અને વિનમ્ર વેશભૂષા લોકોના મનમાં પ્રશ્ન જગાવે છે કે સાચી શાંતિ શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય. ભૌતિક સુખોથી ભરપૂર સમાજમાં આંતરિક શાંતિની તરસ કેટલી ઊંડી છે, તે આ યાત્રા સ્પષ્ટ કરે છે. ટેક્સાસથી લઈને નોર્થ કેરોલિના અને આગળ વૉશિંગ્ટન તરફ વધતી આ યાત્રા દરમિયાન અનેક સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક સમુદાયો સાથે સંવાદ સ્થાપિત થઈ રહ્યો છે. ચર્ચો, શાળાઓ, યુનિવર્સિટીઓ અને જાહેર સ્થળોએ સાધુઓનું સ્વાગત થાય છે. યુવાનો, વૃદ્ધો, વિવિધ ધર્મોના અનુયાયીઓ આ યાત્રામાં રસ લે છે અને શાંતિના સંદેશને પોતાની રીતે સમજે છે. આ યાત્રા બતાવે છે કે શાંતિ કોઈ એક દેશ કે ધર્મની મિલકત નથી, પરંતુ સમગ્ર માનવજાતની આવશ્યકતા છે. આજના સમયમાં જ્યારે યુદ્ધ, આતંકવાદ, પર્યાવરણીય સંકટ અને માનસિક તાણથી વિશ્વ ઘેરાયેલું છે, ત્યારે અમેરિકામાં આ શાંતિયાત્રા એક દીવો બનીને ઊભી છે. તે યાદ અપાવે છે કે સાચો બદલાવ બાહ્ય શક્તિથી નહીં, પરંતુ આંતરિક પરિવર્તનથી આવે છે. ગૌતમ બુદ્ધના દેશમાંથી ઉદ્ભવેલી કરુણા અને અહિંસાની વિચારધારા આજે અમેરિકાના રસ્તાઓ પર પગપાળા ચાલી રહી છે, જે વિશ્વ માટે એક શક્તિશાળી સંદેશ છે. અંતે કહી શકાય કે ટેક્સાસથી વૉશિંગ્ટન સુધીની બૌદ્ધ સાધુઓની આ શાંતિયાત્રા માત્ર એક યાત્રા નથી, પરંતુ માનવતા માટેની પ્રાર્થના છે. અમેરિકામાં શાંતિનો સંદેશ તેનો મુખ્ય સૂર બનીને ગુંજે છે અને દુનિયાને યાદ અપાવે છે કે શાંતિનો માર્ગ લાંબો હોઈ શકે, પરંતુ તે ચાલીને જ પૂર્ણ થાય છે.

**સુપર પાવર અમેરિકામાં અનોખી આધ્યાત્મિક યાત્રા યોજાઇ રહી છે. અપાર સંપત્તિ અને જગતભરમાં પોતાના સુપર પાવર પાવરનું પ્રેઝન્ટેશન કરી રહેલા અમેરિકામાં ગૌતમ બુદ્ધની આધ્યાત્મિક યાત્રાને અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. જ્યાં વાત વાતમાં બંદૂકની ગોળીઓ ચાલે છે ત્યાં "બૌદ્ધ ધર્મ શરણમ ગચ્છામી" નો નાદ હવે ગુંજવા લાગ્યો છે. ભારતીય સંસ્કૃતિની આ સૌથી મોટી જીત છે સનાતનની જીત છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૫ | ૧૬૨૫ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૨ |
| જુવાર સફેદ | ૯૦૧ | ૧૦૫૧ |
| જુવાર લાલ | ૧૦૦૬ | ૧૧૨૫ |
| બાજરી | ૩૨૨ | ૪૧૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૦૮ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૧૧૨૦ | ૧૯૦૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૦૦ |
| મગ | ૧૧૪૦ | ૨૦૦૦ |
| વાલ દેશી | ૬૫૦ | ૧૧૫૦ |
| ચોળી | ૮૮૮ | ૧૨૦૦ |
| મઠ | ૧૦૨૫ | ૧૮૬૬ |
| વટાણા | ૯૦૦ | ૧૨૯૦ |
| કળથી | ૪૨૩ | ૪૭૧ |
| રાજમા | ૭૦૦ | ૧૫૩૬ |
| મગફળી જાડી | ૧૧૯૦ | ૧૫૨૦ |
| મગફળી જીણી | ૧૨૧૦ | ૧૫૪૦ |
| તલી | ૧૬૫૦ | ૨૧૪૦ |
| એરંડા | ૧૧૦૭ | ૧૨૪૫ |
| અજમો | ૮૦૦ | ૧૭૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૭૫૪ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૩૩ |
| સીંગફાડા | ૧૦૧૦ | ૧૬૪૧ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૬૯૯ |
| લસણ | ૧૦૩૧ | ૧૪૪૦ |
| ધાણા | ૧૪૧૦ | ૧૮૦૦ |
| મરચા સુકા | ૪૦૦૦ | ૭૨૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૨૨૩૦ |
| વરીયાળી | ૧૧૫૧ | ૧૭૩૦ |
| જીરૂ | ૪૧૨૫ | ૪૬૨૦ |
| રાય | ૧૨૧૦ | ૧૪૯૨ |
| મેથી | ૭૩૦ | ૧૨૪૫ |
| ઇસબગુલ | ૧૯૦૦ | ૨૨૩૬ |
| અશેરીયો | ૯૮૧ | ૧૧૪૫ |
| રાયડો | ૧૧૧૫ | ૧૨૪૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૪૩ | ૫૧૭ |
| પપૈયા | ૮૬ | ૧૪૭ |
| બટેટા | ૧૦૪ | ૨૧૨ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૨૬૫ |
| ટમેટા | ૩૨૭ | ૫૩૨ |
| સુરણ | ૫૧૧ | ૭૦૬ |
| કોથમરી | ૧૪૧ | ૨૦૮ |
| મુળા | ૨૩૨ | ૪૨૯ |
| રીંગણા | ૨૦૬ | ૬૫૩ |
| કોબીજ | ૬૪ | ૧૦૪ |
| ફ્લાવર | ૨૦૩ | ૩૧૧ |
| ભીંડો | ૬૫૭ | ૧૦૧૯ |
| ગુવાર | ૯૯૮ | ૧૮૦૪ |
| ચોળાસીંગ | ૬૦૩ | ૧૨૧૩ |
| વાલોળ | ૨૧૧ | ૫૧૯ |
| ટીંડોરા | ૫૪૭ | ૧૦૩૪ |
| દુધી | ૨૦૪ | ૪૧૩ |
| કારેલા | ૩૫૩ | ૬૪૪ |
| સરગવો | ૭૨૯ | ૧૧૩૨ |
| તુરીયા | ૧૧૦૯ | ૧૩૪૨ |
| પરવર | ૧૬૨૭ | ૨૦૧૪ |
| કાકડી | ૨૪૮ | ૬૮૪ |
| ગાજર | ૨૨૭ | ૩૧૯ |
| વટાણા | ૩૬૪ | ૫૧૯ |
| તુવેરસીંગ | ૩૩૮ | ૫૨૨ |
| ગલકા | ૫૩૨ | ૮૪૨ |
| બીટ | ૧૦૭ | ૨૧૧ |
| મેથી | ૧૦૬ | ૧૬૨ |
| વાલ | ૪૦૩ | ૬૧૪ |
| ડુંગળી લીલી | ૨૨૭ | ૩૧૬ |
| આદુ | ૧૦૩૬ | ૧૨૧૧ |
| ચણા લીલા | ૧૧૬ | ૩૨૮ |
| મરચા લીલા | ૩૩૨ | ૫૪૬ |
| હળદર લીલી | ૫૫૪ | ૭૧૭ |
| લસણ લીલું | ૬૨૭ | ૯૧૮ |
| મકાઇ લીલી | ૨૬૩ | ૪૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૫૬૬ |
| મગફળી જીણી | ૧૨૨૬ | ૧૬૨૬ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૮૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૬ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૬૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૦૭૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૨૦૧ | ૭૨૦૧ |
| લસણ સુકું | ૮૫૧ | ૧૮૪૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૩૬ |
| અડદ | ૧૧૩૧ | ૧૬૨૧ |
| મઠ | ૫૭૬ | ૧૧૦૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૬૪૧ |
| રાય | ૯૦૧ | ૧૪૭૬ |
| મેથી | ૬૨૬ | ૧૧૦૧ |
| કાંગ | ૫૫૧ | ૫૯૧ |
| મરચા | ૧૫૦૧ | ૬૭૦૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૬૧ |
| નવા ધાણા | ૧૧૦૧ | ૨૩૭૬ |
| નવી ધાણી | ૧૨૦૧ | ૨૯૫૧ |
| નવું જીરૂ | ૩૦૦૦ | ૫૩૫૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૩૧ |
| મગફળી ૬૬ | ૧૨૫૦ | ૧૬૦૧ |
| ધાણી | ૧૧૦૧ | ૨૩૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૩૫૧ |
| બાજરો | ૩૧૧ | ૪૬૧ |
| જુવાર | ૯૮૧ | ૧૦૩૧ |
| મકાઇ | ૩૨૧ | ૪૫૧ |
| મગ | ૬૭૧ | ૧૮૨૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૫૧ |
| વાલ | ૮૦૦ | ૧૦૫૧ |
| ચોળા / ચોળી | ૩૫૧ | ૧૧૧૧ |
| સોયાબીન | ૯૧૧ | ૧૦૫૬ |
| ગોગળી | ૯૫૧ | ૧૧૯૧ |
| વટાણા | ૧૦૨૬ | ૧૦૨૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૮૦ | ૨૪૦ |
| દુધી | ૨૦૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૬૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૩૦૦ | ૭૬૦ |
| વટાણા | ૩૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૧ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૨ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૧૬૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૭૦૦ | ૮૦૦ |
| હક્કૈઅીક્ન | ૪૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૩ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૪૦ |
| ફણશી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૬૦ |
| લસણ પુરા | ૭ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૧૦ | ૧૪૪૫ |
| શીંગ ગીરનાર | ૧૧૫૦ | ૧૪૬૫ |
| શિંગ મોટી | ૧૦૩૫ | ૧૪૭૫ |
| શિંગદાણા | ૧૦૮૦ | ૧૬૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૯૦ | ૧૬૮૦ |
| તલ સફેદ | ૧૦૬૫ | ૨૧૭૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૬૧૦ |
| બાજરો | ૩૦૦ | ૬૯૫ |
| જુવાર | ૩૫૦ | ૧૦૨૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૩૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૭૦ |
| સફેદ ચણા | ૯૮૦ | ૧૦૨૫ |
| ચોળી | ૯૭૦ | ૧૦૩૦ |
| તુવેર | ૯૭૦ | ૧૫૬૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૪૫ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૬૦ |
| જીરૂ | ૪૩૯૫ | ૪૪૫૫ |
| રાયડો | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ધાણા | ૧૪૮૦ | ૨૦૦૦ |
| અજમા | ૧૭૦૦ | ૨૦૯૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૭૦ |
| સોયાબીન | ૭૫૦ | ૧૦૩૦ |
| મરચા લાંબા | ૧૧૫૦ | ૫૬૧૦ |
| કાંગ | ૪૧૦ | ૫૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૪૦ |
| રીંગણા | ૬૦૦ | ૭૮૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૪૫૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૧૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૨૦ |
| ટમેટાં | ૪૧૦ | ૬૦૦ |
| સુરણ | ૬૮૦ | ૭૯૦ |
| ગાજર | ૨૫૦ | ૩૫૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૩૦ |
| મૂળા | ૧૬૦ | ૨૧૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૯૦૦ | ૨૩૫૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૫૫૦ | ૫૮૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૯૦ |
| વાલ | ૪૦૦ | ૫૨૦ |
| ભીંડો | ૧૦૦૦ | ૧૧૧૦ |
| હળદળ લીલી | ૪૫૦ | ૬૩૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૧૫૦ | ૨૧૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૨૦ |
| તુવેર | ૫૦૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૦૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૨૬૦ | ૩૫૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૩૦ |
| શીંગ મોટી | ૧૧૨૫ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૩૦૦૦ | - |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૦૦ |
| કપાસ | ૧૩૫૧ | ૧૬૨૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | - |
| બાજરો | ૩૫૦ | ૪૫૨ |
| જુવાર | ૮૦૦ | - |
| મકાઈ | ૫૧૯ | ૫૫૮ |
| અડદ | ૭૩૦ | ૯૦૪ |
| ચણા | ૭૮૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૧૪ |
| ધાણા | ૧૫૦૦ | ૨૦૨૬ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૦૧૦ | ૧૫૫૨ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ઘઉં | ૪૭૬ | ૫૨૫ |
| ચણા | ૮૮૦ | ૧૦૨૩ |
| છોલે ચણા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૧૬૦ | ૧૪૧૪ |
| તલ કાળા | ૪૨૧૦ | ૪૨૧૦ |
| ધાણા | ૧૭૬૦ | ૧૮૧૧ |
| ચોળી | ૭૧૦ | ૧૦૫૧ |
| અડદ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| શીંગ દાણા | ૧૦૮૦ | ૧૫૫૧ |
| મકાઈ | ૫૦૫ | ૫૦૫ |
| સોયાબીન | ૮૦૫ | ૯૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૩૨ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૨૫ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૫૧૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૮૦ | ૧૦૦૬ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| શીંગ દાણા | ૧૨૦૫ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| મેથી | ૫૫૫ | ૫૫૫ |
| મકાઇ | ૩૪૦ | ૫૨૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૮૦ | ૧૩૧૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૬૧૫ |
| બાજરો | ૩૭૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૧ |
| મગ | ૧૨૫૩ | ૨૬૨૬ |
| તુવેર | ૧૪૫૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૫૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૪૬ |
| તુવેર | ૯૦૧ | ૧૪૭૬ |
| મગફળી | ૯૫૧ | ૧૪૨૧ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૫૨૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૯૨૧ |
| જીરૂ | ૩૯૪૧ | ૩૯૪૧ |
| ધાણા | ૧૨૦૧ | ૧૯૭૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૨૬ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૧૨ | ૧૫૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૨૧૨ | ૧૩૯૪ |
| શીંગ ૩૯ | ૧૨૫૦ | ૧૩૪૨ |
| શીંગ મગડી | ૧૫૭૫ | ૧૫૭૫ |
| શીંગ જી-૨૦ | ૧૩૮૦ | ૧૫૩૦ |
| જુવાર | ૩૦૯ | ૩૦૯ |
| બાજરી | ૩૬૧ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૨૨ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૫૨ |
| મગ | ૬૧૬ | ૧૩૪૦ |
| સોયાબીન | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ચણા | ૯૪૦ | ૯૮૦ |
| તલ સફેદ | ૧૬૭૫ | ૧૯૩૧ |
| તલ પુરબીયા | ૨૦૯૦ | ૨૧૪૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૨૮ |
| કપાસ શંકર | ૧૨૯૦ | ૧૫૪૮ |
| નાળીયેર | ૩૭૫ | ૨૨૮૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૮૯૫ |
| બાજરો | ૪૦૦ | ૫૨૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૪ |
| મગ | ૧૦૦૦ | ૧૨૬૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૧૦ |
| મઠ | ૬૦૦ | ૭૦૦ |
| ચોળી | ૭૦૦ | ૧૧૪૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૩૦ |
| ચણા સફેદ | ૯૦૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૩૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૭૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૫૮૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૪૬ |
| રાયડો | ૯૦૦ | ૧૨૦૦ |
| લસણ | ૯૭૫ | ૧૮૩૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૫૦ |
| અજમો | ૧૩૦૦ | ૫૨૦૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૫૭૦ |
| મરચા | ૧૨૦૦ | ૫૪૬૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૩૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૩૦ |
| વટાણા | ૭૦૦ | ૯૦૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

## શબ્દ સંજોગ-૨૧૩૮

**આડી ચાવી :**
(૧) અક્ષત ઉતારવા તે, દાણા વાવવા તે (૨)
(૨) એક રાશિ (૩)
(૪) એક નદી (૨)
(૬) આસ્થા, વિશ્વાસ (૨)
(૭) 'સાઈકલ મારી..... જાય'' (૪)
(૮) તદ્દન (૨)
(૯) પ્રતિકૂળ, સુંદર (૨)
(૧૦) કસોટી ઉપરથી નક્કી કરેલો સોના રૂપાના ભાવનો આંક (૨)
(૧૧) છીણીને કરેલો છૂંદો (૩)
(૧૨) કસોટી કરવી (૩)
(૧૪) મોંઢાનું ચીકણું પ્રવાહી (૨)
(૧૫) તીર મારવામાં કુશળ (૪)
(૧૮) એક સુંગધીદાર વનસ્પતિ (૩)
(૨૦) મર્યાદા (૨)
(૨૨) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૨૪) એક હથિયાર (૩)
(૨૭) શું ? દર્શાવતો એક ઉદ્ગાર (૧)
(૨૮) પજવવું (૪)

**ઉભી ચાવી :**
(૧) અથાવું, ખમીર ચડવું તે (૨)
(૨) ઘરડી સ્ત્રી (૨)
(૩) .........પૈદા કરનેવાલે કી (૩)
(૪) ધાતુનો તાર ખેંચનારો (૪)
(૫) જમવા માટે ભાણામાં મૂકવું (૪)
(૬) સાંભળવું તે (૩)
(૮) ...દામ - દંડને ભેદ (૨)
(૯) ચર્ચા, શાસ્ત્રાર્થ (૨)
(૧૧) સધ્ધર, પૈસાદાર (૫)
(૧૨) અટકળ, સમજ (૨)
(૧૩) ઉચાપત કરેલું (૩)
(૧૪) લાકડાનું પીઢું (૨)
(૧૬) એક ફળ (૩)
(૧૭) પરવા (૨)
(૧૯) ભપકો (૨)
(૨૧) હાથમાં લેવું, પકડવું (૩)
(૨૩) ઠીક, સરખું (૨)
(૨૫) પ્રવાહી, સાર (૨)
(૨૬) દશરથ રાજાની પુત્રવધૂ (૨)

## શબ્દ સંજોગ-૨૧૩૭ જવાબ

**આડી ચાવી:** (૧) કરમચંદ (૫) નકશો (૮) રજ (૯) દલન (૧૧) તક (૧૨) જત (૧૩) રવાલ (૭) (૧૬) પ્રવાલ (૧૮) શમ (૨૦) વાયુ (૨૧) ચામ (૨૨) કોમલ (૨૪) તરગા(ગાતર) (૨૭) ગાર્ગી (૨૮) પાલી (૩૦) ડામ (૩૨) ચોસર (૩૪) લઘુ (૩૫) કહાર (૩૬) તક.

**ઉભી ચાવી:** (૧) કરજ (૨) રજત (૩) ચંદન (૪) દલ (૬) કતલ (૭) શોક (૧૦) નરવા (૧૪) વાલ (૧૬) પ્રયુત (૧૭) વ્યોમ (૧૮) શકોરુ (૧૯) મમ (૨૩) લગામ (૨૫) રપા(પાર) (૨૬) ગાલીચો (૨૯) ચરક (૩૦) ડાઘુ (૩૧) સ્વાહા (૩૩) સત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખાંભામાં જિલ્લા કક્ષાના ગણતંત્ર દિનની ઉજવણીની તૈયારીઓ પૂર્ણ, જિલ્લા કલેક્ટરે નિરીક્ષણ કર્યું

અમરેલી, તા.૨૩



ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને ચલાલા–ખાંભા રોડ, જીઓ પેટ્રોલ પંપની સામે, ખાંભા મુકામે યોજાનાર છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે પ્રજાસત્તાક પર્વ પૂર્વે સમગ્ર આયોજનની આખરી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. પ્રોટોકોલ અનુસાર સમગ્ર કાર્યક્રમનું ક્રમશઃ રિહર્સલ યોજાયું હતું. રિહર્સલ દરમિયાન કલેક્ટરે પરેડનું નિરીક્ષણ કર્યું હતું તેમજ પોલીસ જવાનો દ્વારા માર્ચ પાસ્ટ યોજાઈ હતી. સાથે દેશભક્તિ, શૌર્ય અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા આરોગ્ય, પ્રાકૃતિક ખેતી સહિતના વિષયોની ઝાંખી રજૂ કરવામાં આવશે. ભારતની એકતા અને લોકશાહી મૂલ્યોને ઉજાગર કરતો આ કાર્યક્રમ "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના સંદેશને વધુ મજબૂત બનાવશે.

# વલ્લભીપુર-મઢીયા વાયા કલ્યાણપુર માર્ગને પહોળો અને આધુનિક બનાવવા સંદિપ માંગરોળીયાની રજૂઆત

અમરેલી, તા.૨૩

અમરેલી નગર સેવા સદનના વોર્ડ નં. ૮ ના સદસ્ય સંદિપભાઈ ઘનશ્યામભાઈ માંગરોળીયાએ રાજ્યના મંત્રી અને ભાવનગરના પ્રભારી કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખીને વલ્લભીપુર-મઢીયા વાયા કલ્યાણપુર માર્ગનું આધુનિકીકરણ કરવા રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્રના મધ્ય જિલ્લા અમરેલી સહિતના લોકોને અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને મુંબઈ આવવા-જવા માટે વલ્લભીપુર-મઢીયા વાયા કલ્યાણપુર રોડ ખૂબ જ મહત્વનો છે. હાલમાં આ સિંગલ પટ્ટી રોડ પર મોટા પ્રમાણમાં ટ્રાફિક રહે છે. જો આ માર્ગને ભાવનગર-ધોલેરા એક્સપ્રેસ વે સાથે સંકલિત કરી પહોળો બનાવવામાં આવે તો સમય અને નાણાંનો બચાવ થશે અને પરિવહન સરળ બનશે. સંદિપભાઈએ



રજૂઆતમાં જણાવ્યું છે કે, આ માર્ગ ૨૦ કિ.મી. લંબાઈ અને ૧૦ મીટર પહોળાઈ સાથે સુવિધાપૂર્વક બનાવવો જોઈએ. જેનાથી કલ્યાણપુર સહિતના નજીકના ગામોના સ્થાનિક વાહન વ્યવહારને પણ લાભ થશે. આ રસ્તાના આધુનિકીકરણથી દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓના યાંત્રિક વ્યવહારો અને રોજગારીને પણ વેગ મળશે. અંતમાં, હાલ ચાલી રહેલા માર્ગોના નવીનીકરણ સાથે આ કામને પણ બજેટમાં સમાવી સત્વરે જોબ નંબર ફાળવવામાં આવે તેવી ભારપૂર્વક માંગ કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સુરેશ પાથરની વરણી કરાઈ

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથરને પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવતા સ્થાનિક રાજકારણમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રમુખ પદનો કાર્યભાર સંભાળતા જ વિવિધ સંગઠનો અને કાર્યકરો દ્વારા તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સુરેશભાઈએ જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપવાની ખાતરી ઉચ્ચારી છે. અત્રે નોંધનીય છે કે ભરતભાઈ સુતરીયા જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવતા હતા પરંતુ હવે સાંસદ તરીકે જવાબદારી નિભાવતા હોવાથી તેમને જિલ્લા પંચાયતના પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરાયા છે.

# જસદણ-આટકોટ ફોરલેન રોડને ક્રોસ કરતા બાઈક સવારને પૂરઝડપે આવતા ચાલકે ફંગોળ્યો

જસદણ,તા.૨૩

જસદણ-આટકોટ ફોરલેન રોડ પર અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. આજે શહેરના રામાધણી અલાઈમેન્ટ પાસે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં પૂરઝડપે આવતા બાઈક ચાલકે શેરીમાંથી બહાર નીકળતા અન્ય એક વાહનચાલકને જોરદાર ટક્કર મારી હતી.



ઘટનાની વિગતો મુજબ, એક ટુ-વ્હીલર ચાલક શેરીમાંથી નીકળી મુખ્ય ફોરલેન રોડ પર ચડવાની કોશિશ કરી રહ્યો હતો. આ સમયે મેઈન રોડ પર પસાર થતા અન્ય એક બાઈક સવારે તેને અડફેટે લીધો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે શેરીમાંથી નીકળનાર ચાલક રોડ પર પટકાયો હતો અને તેને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

આ સમગ્ર અકસ્માત રામાધણી અલાઈમેન્ટ ખાતે લાગેલા CCTV કેમેરામાં કેદ થયો છે. ફૂટેજ જોતા સ્પષ્ટ જણાય છે કે, શેરીમાંથી મુખ્ય રોડ પર પ્રવેશતી વખતે ચાલકે હાઈવે પરના ટ્રાફિકનું ધ્યાન રાખ્યું ન હતું, જે તેની ભૂલ સાબિત થઈ હતી. અકસ્માત સર્જ્યા બાદ ટક્કર મારનાર બાઈક ચાલક ઈજાગ્રસ્તની મદદ કરવાને બદલે માનવતા નેવે મૂકી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક એકઠા થઈ ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.

# સિંગતેલમાં એક જ દિવસમાં રૂા.૪૦નો વધારો, મહિનામાં ડબ્બે રૂ.૨૦૦ વધ્યા

અમદાવાદ,તા.૨૩

સિંગતેલમાં એક જ દિવસમાં ૪૦ રૂપિયાનો ધરખમ વધારો નોંધાયો છે. આ સાથે એક મહિનામાં સિંગતેલના ડબ્બામાં રૂપિયા ૨૦૦નો વધારો થયો છે. ત્યારે આ ભાવ વધારાને લઈને સૌરાષ્ટ્ર ઓઈલ મિલ એસો.ના પ્રમુખે નિવેદન આપ્યું છે.

મળતી માહિતી મુજબ "માવઠાના કારણે મગફળીના પાકને નુકસાન થયું છે જેના લીધે મગફળીના તેલના ભાવમાં વધારો નોંધાયો છે. સરકારે પણ ૧૭ લાખ ટન મગફળીની ખરીદી કરી હતી, જે બાદ "પિલાણ લાયક મગફળીનો જથ્થો ઓછો હોવાના કારણે તેલના ભાવમાં વધારો થયો છે. એક મહિના પહેલા સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૨૫૯૦ હતો જ્યારે હાલમાં સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૨૭૮૫ થયો છે. તેલના ભાવમાં સતત વધારાને લઈને સૌરાષ્ટ્ર ઓઈલ મિલ એસોસિએશનના પ્રમુખનું નિવેદન પણ સામે આવ્યું છે.

# ચલાલા નજીક ત્રિપલ અકસ્માત : એસટી બસ, સ્વિફ્ટ કાર અને બાઈક વચ્ચે ટક્કર થતા એક ઈજાગ્રસ્ત

ચલાલા, તા. ૨૩

અમરેલી જિલ્લાના ચલાલા-ધારી રોડ પર દૂધની ડેરી પાસે આજે એક ભયાનક ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અમરેલીથી બોરડી તરફ જતી એસટી બસ જ્યારે ચલાલા નજીક પહોંચી, ત્યારે સામેથી આવતી સીએનજી સ્વિફ્ટ ડિઝાયર કાર (GJ 06 EH 1797)



અને પરબડી ગામ તરફથી આવતા મોટરસાયકલ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલક રૂખડભાઈ થોભણભાઈ માટીયા (ઉંમર વર્ષ ૩૫, રહે. પરબડી) ને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તને તાત્કાલિક ચલાલા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રાહતની વાત એ છે કે એસટી બસ અને ફોરવ્હીલ કારમાં સવાર અન્ય મુસાફરોનો આબાદ બચાવ થયો છે.

# જસદણ પંથકમાં પકડાયેલા રૂ. ૨.૯૧ કરોડના ઈંગ્લીશ દારૂના જથ્થાનો નાશ કરાયો

જસદણ,તા.૨૩

જસદણ, વિંછીયા, આટકોટ તથા ભાડલા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલ મોટી માત્રામાં દારૂના જથ્થાનો આજે નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં જસદણ પોલીસ સ્ટેશનના ૫ ગુનાની રૂ.૫૮,૫૮,૪૬૦ ની કિંમતની ૧૩,૪૬૮ બોટલ, વિંછીયા પોલીસ સ્ટેશનના ૬ ગુનાની રૂ.૫,૬૯,૩૫૦ ની કિંમતની ૮૫૯ બોટલ, આટકોટ પોલીસ સ્ટેશનના ૨ ગુનાની રૂ.૨,૨૪,૦૪,૮૬૨ ની કિંમતની



૨૭,૨૬૬ બોટલ તેમજ ભાડલા પોલીસ સ્ટેશનના ૨ ગુનાની રૂ.૨,૬૭,૮૦૦ ની કિંમતની ૨૦૫ બોટલ મળી કુલ ચારેય પોલીસ સ્ટેશનનો રૂ.૨,૯૧,૦૦,૪૭૨ ની કિંમતની ૪૧,૭૯૮ નંગ બોટલના જથ્થાનો નાશ કરાયો હતો. દારૂના નિકાલની આ પ્રક્રિયા જસદણમાં વિંછીયા રોડ પર આવેલ જુના પોલીસ સ્ટેશન બિલ્ડીંગ રેલવે સ્ટેશન વાળી જગ્યા પર હાથ ધરવામાં આવી હતી. આ તકે ASP નવીનચંદ્ર ચક્રવતી જસદણ અને જસદણ પ્રાંત અધિકારી આર.આર. ખાંભરા, જસદણ મામલતદારની ટીમ, નશાબંધી અધિકારી, ડો.રાકેશ મૈત્રી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.


ફક્ત ત્રણ દિવસ માટે... આજથી શરૂ...

મહિલા એક્ઝિબિશન - સેલ

ડ્રેસ ■ કુર્તી ■ સાડી ■ નાઈટ વેર ■ કટલેરી ■ ઇમિટેશન ઘરેણાં ■ લેડીઝ પર્સ ■ નેચરલ સાબુ ■ વાસણ-કપડાં લિકવીડ ■ આયુર્વેદિક પ્રોડક્ટ, ■ હોઝિયરી તેમજ મહિલા-બાળકોને લગતી અસંખ્ય નવી ચીજ વસ્તુઓ જોવા-ખરીદવાની અનેરી તક...

તેમજ પાણીપુરી ■ બટેટા ભૂંગળા વગેરે ખાણીપીણી તો ખરી જ ...

સાથે પિયુનાં પ્રખ્યાત પાપડ અને પોરબંદરની પ્રખ્યાત ખાજલી પણ....

તો જરૂરથી પધારો...

તારીખ : 24-25-26 જાન્યુઆરી-2026

સમય: સવારે 9:00 થી સાંજે: 8:00 સુધી

સ્થળ: પટેલ વાડી, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

સંપર્ક : Mo. 9662033132 | 9429186157


# રાજકોટની પરિણીતા પાકિસ્તાનમાં ફસાઈ, મોદીને રડતા-રડતા વિનવણી કરી

રાજકોટ,તા.૨૩

પાકિસ્તાનના કરાંચીની રેહાનાએ રાજકોટના પરવેઝ શેખ સાથે વર્ષ ૨૦૧૫માં લગ્ન કર્યા હતા. લગ્ન બાદ પતિ અને બાળકો સાથે રેહાના રાજકોટમાં રહેતી હતી. વર્ષ ૨૦૨૨માં વિઝા રિન્યુઅલ માટે પાકિસ્તાન ગયા બાદ તેમને ભારતના વિઝા જ નથી મળી રહ્યા. જેના કારણે રેહાના ત્રણ વર્ષથી રાજકોટ પરત નથી ફરી શકી. આ મામલો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે રેહાનાએ સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો શેર કર્યો હતો. ત્યારે રેહાના અને પતિ પરવેઝ શેખ બંને ભારત સરકાર પાસે પરત રાજકોટ લાવવાની વિનંતી કરી રહ્યા છે. પરવેઝ શેખે ભારત અને પાકિસ્તાન બંને દેશોની એમ્બેસીમાં અનેક રજૂઆતો કરી છે પરંતુ ત્રણ વર્ષથી કોઈ ઉકેલ આવતો નથી. ત્યારે પરવેઝે ન્યાય માટે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી દર્શાવી છે.

# અમરેલી પોલીસે બે શખ્સોને પાસા તળે જેલમાં ધકેલ્યા

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં ચોરી અને લૂંટ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા પોલીસ અધિક્ષકની સૂચનાથી LCB પી.આઈ. એસ.ડી. ચાવડાએ કડક ઝુંબેશ હાથ ધરી છે. આ અંતર્ગત મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા બે રીઢા શખ્સો વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ સમક્ષ મોકલવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટે વોરંટ ઈશ્યુ કરતા પોલીસની



ટીમે આરોપીઓની અટકાયત કરી જેલભેગા કર્યા છે. જેમાં કુવરસિંગ માકુભાઈ બાંગડીયા આરોપી વિરુદ્ધ બાબરા અને અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીના ૬ થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તેને પાલનપુર જિલ્લા જેલ ખાતે મોકલાયો છે. જયારે રાહુલ કાળુભાઈ બાંગડીયા નામના શખ્સને પણ અટકાયત કરી વડોદરા જેલ હવાલે કરવામાં આવ્યો છે.

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.24/2026

**પ્રતિ,**
શ્રી નાથાભાઈ આલાભાઈ મકવાણા,
રહે.સરખડી, ગામ-સરખડી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત સરખડી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના સરખડી ગામના રહીશ નાથાભાઈ આલાભાઈ મકવાણા તથા રાણીબેન નાથાભાઈ મકવાણાના પુત્રી પરિતાબેન નાથાભાઈ મકવાણાનો જન્મ તારીખ **01/06/2001** ના રોજ કોડીનાર તાલુકાના સરખડી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત સરખડી, તાલુકો-કોડીનાર સને.**2001** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.29/2026

**પ્રતિ,**
શ્રી આદમભાઈ જાકુબભાઈ ઢોકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ
...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ આદમભાઈ જાકુબભાઈ ઢોકી તથા આસબાઈ આદમભાઈ ઢોકીના પુત્રી રોશન આદમભાઈ ઢોકીનો જન્મ તારીખ **15/02/2003** ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.**2003** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# અમરેલીમાં પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત લાભાર્થીઓને લોન વિતરણ: વડાપ્રધાનના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળાયું

અમરેલી, તા.૨૩

૨૩/૦૧/૨૦૨૬ ને શુક્રવારનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તિરુવનંતપુરમ, કેરળ ખાતેથી ભારતભરમાં ૧ લાખ લાભાર્થીઓને પી.એમ. સ્વનિધિ યોજના હેઠળ લોન વિતરણ અને ક્રેડિટ કાર્ડના શુભારંભનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને સમાંતર અમરેલી નગરપાલિકાના NULM વિભાગ દ્વારા પાલિકાના સભાખંડમાં વિશેષ



કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તકે અમરેલીમાં ૧૫ લાભાર્થીઓને ૧૫,૦૦૦, ૨૫,૦૦૦ અને ૫૦,૦૦૦ની રકમના લોન ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય ૯૫ જેટલા લાભાર્થીઓની લોન મંજૂર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહોળી સંખ્યામાં ફેરિયાઓએ કેરળ ખાતે યોજાયેલ વડાપ્રધાનના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ અને NULM યોજનાના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત યુનિયન બેન્કના મેનેજર પ્રમોદ ગૌતમ દ્વારા લાભાર્થીઓને ક્રેડિટ કાર્ડ વિશે સમજૂતી આપવામાં આવી હતી.

### પ્રજાસત્તાક પર્વની ઉજવણી, વિદ્યાર્થી સન્માન સમારોહ અને વસંતોત્સવના આયોજન સાથે

# અમરેલી વિદ્યાસભા ખાતે યોજાનાર ભવ્ય કાર્યક્રમોને લઈ તડામાર તૈયારી


















અમરેલી,તા.૨૩

અમરેલી વિદ્યાસભા ખાતે 'ત્રિવેણી સંગમ'નો ભવ્ય નજારો જોવા મળશે. ૨૬મી જાન્યુઆરીએ વસંતોત્સવ-૨૦૨૬ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવનાર છે.

અમરેલી શહેરના પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંકુલ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે આગામી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાની સ્થાપનાના ૬૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે આ વખતે પ્રજાસત્તાક પર્વ, વિદ્યાર્થી સન્માન સમારોહ અને 'વસંતોત્સવ-૨૦૨૬' એમ ત્રિવેણી સંગમ અંતર્ગત અત્યાર સુધીનો સૌથી મોટો વાર્ષિકોત્સવ યોજાશે. સવારે ૮ કલાકે ધ્વજવંદન કરવામાં આવશે. ગણતંત્ર દિવસની આ ઉજવણીમાં આ ભવ્ય સાંસ્કૃતિક સંધ્યા સાંજે ૭:૦૦ કલાકે સંસ્થાના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે શરૂ થશે. જેમાં અંદાજે ૧૫ હજારથી વધુ વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષણપ્રેમીઓ અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમની ભવ્યતાને ધ્યાને લેતા કેમ્પસમાં અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગુજરાતના દિગ્ગજ નેતાઓ હાજરી આપી શોભા વધારશે, જેમાં જીતુભાઈ વાઘાણી (કેબિનેટ મંત્રી, કૃષિ વિભાગ), કૌશિકભાઈ વેકરીયા (મંત્રી, ઉર્જા અને કાયદો), પરસોત્તમભાઈ રૂપાલા (સાંસદ, રાજકોટ), ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ભરતભાઈ સુતરીયા (સાંસદ સભ્ય), ધારાસભ્યો જયેશભાઈ રાદડિયા, મહેશભાઈ કસવાળા, જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડીયા, હીરાભાઈ સોલંકી, પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા, નારણભાઈ કાછડીયા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના આગેવાનો તેમજ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર તેજસ્વી તારલાઓ તેમજ રમતગમત ક્ષેત્રે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવનાર ખેલાડીઓનું વિશેષ સન્માન કરવામાં આવશે. સાંસ્કૃતિક કાર્યક્રમો આ ઉત્સવનું મુખ્ય આકર્ષણ રહેશે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને સમગ્ર HOD ટીમ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહી છે. વિદ્યાસભાના આ આયોજનને લઈને સમગ્ર જિલ્લાના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધ્વજવંદન અને વિવિધ કાર્યક્રમોમાં પધારવા માટે વસંતભાઈ અને અશોકભાઈ ગજેરાએ જાહેર જનતાને આમંત્રણ પાઠવ્યું છે.

### રાજ્યના રાજસ્વી મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે, વિદ્યાસભા દ્વારા કાર્યક્રમમાં હાજર રહેવા જાહેર આમંત્રણ પાઠવાયું

## પાકિસ્તાન દુશ્મની કરે છે, તો પણ ભારતે પૂર સમયે મદદનો હાથ લંબાવ્યો : મોહન ભાગવત

જયપુર,તા.૨૩

૧૬૨મા મર્યાદા મહોત્સવના ઉદ્‌ઘાટનની પૂર્વસંધ્યાએ રાજસ્થાનના નાગૌર જિલ્લાના છોટી ખાટુ શહેરમાં એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય મહાશ્રમણની પવિત્ર ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સરસંઘચાલક ડૉ. મોહન ભાગવત પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા આરએસએસ વડા મોહન ભાગવતે કહ્યું કે ભારત હંમેશા વિશ્વને શિષ્ટાચાર શીખવવા માટે તૈયાર રહ્યું છે. પ્રાચીન કાળથી, આપણે જ્ઞાન અને શિષ્ટાચાર જાળવવા માટે સંતો પાસે જઈએ છીએ. આપણે બધા સંઘ સ્થળોએ લાકડી ચલાવવા વિશે શીખીએ છીએ, પરંતુ આપણે શા માટે લાકડી રાખવી જોઈએ અને તેનો ઉપયોગ ક્યારે કરવો તેના નિયમો



શીખવા માટે સંતોની મુલાકાત પણ લઈએ છીએ. નાગૌરમાં આ કાર્યક્રમને સંબોધતા આરએસએસ વડા મોહન ભાગવતે કહ્યું, "વિશ્વભરના દેશોને મદદ કરતો એકમાત્ર દેશ ભારત છે. જ્યારે પાકિસ્તાન પૂરથી પ્રભાવિત થયું હતું, ત્યારે પણ ભારત મદદ કરવા ગયો હતો. પાકિસ્તાન આપણી વિરુદ્ધ ખૂબ જ બેદરકારીથી વર્તે છે. જ્યારે આપણી પોતાની પરિસ્થિતિ સુધરી રહી છે, ત્યારે પણ આપણે આપણી પોતાની જરૂરિયાતોનું બલિદાન આપીને દરેકને મદદ કરીએ છીએ.

## કાશ્મીરમાં કુદરતની સફેદ ચાદર : વૈષ્ણોદેવીમાં સિઝનની પ્રથમ હિમવર્ષાને કારણે યાત્રા રોકવી પડી

જમ્મુ,તા.૨૩

જમ્મુ ક્ષેત્રના ઊંચા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ, જેનાથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું. હિમવર્ષાને કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત અનેક મુખ્ય રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા, જ્યારે પહાડી જિલ્લાઓમાં શાળાઓ પણ સાવચેતીના પગલા તરીકે બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ત્રિકુટા પહાડીઓ પર સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિરમાં પણ સિઝનનો પહેલો બરફ પડ્યો હતો, જેના કારણે યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવાની ફરજ પડી હતી. દરમિયાન, જમ્મુ શહેર સહિત મેદાની વિસ્તારોમાં મધ્યમ વરસાદથી લોકોને છેલ્લા બે મહિનાથી ચાલી રહેલા લાંબા દુષ્કાળમાંથી રાહત મળી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ, ગુરુવારે



મોડી સાંજે પહાડીઓના ઊંચા વિસ્તારોમાં બરફવર્ષા શરૂ થઈ હતી, જ્યારે મેદાની વિસ્તારોમાં રાતોરાત વચ્ચે-વચ્ચે વરસાદ ચાલુ રહ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રામબન, ડોડા, કિશ્તવાર, પૂંચ, રાજૌરી, રિયાસી, ઉધમપુર અને કઠુઆ જિલ્લાના ઉપરના વિસ્તારોમાં હજુ પણ બરફ પડી રહ્યો છે, જેમાં પાંચ ઈંચથી એક ફૂટથી વધુ બરફ જમા થયો છે. તાજી હિમવર્ષાને કારણે ૨૭૦ કિલોમીટર લાંબો જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંને દિશામાં બંધ થઈ ગયો છે.

## આઝાદ હિંદ ફોજ એકતા અને વિવિધતાનું પ્રતીક : જનરલ અનિલ ચૌહાણે સૈન્ય ઈતિહાસના ભારતીયકરણ પર ભાર મૂક્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૩

દિલ્હીમાં, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે રાષ્ટ્રીય સુરક્ષા અંગે પોતાના વિચારો શેર કર્યા. તેમણે કહ્યું કે તેમના પુસ્તકમાં, તેમણે રાષ્ટ્રીય સુરક્ષાને ત્રણ એકબીજા સાથે જોડાયેલા રિંગ્સ તરીકે સમજાવી છે. બાહ્ય રિંગ દેશને સુરક્ષિત રાખવા, એટલે કે દેશની એકંદર સુરક્ષા કેવી રીતે



સુનિશ્ચિત કરવી તે સાથે સંબંધિત છે. આંતરિક વર્તુળ રાષ્ટ્રીય સંરક્ષણ સાથે સંબંધિત છે, એટલે કે, ખતરા સામે કેવી રીતે રક્ષણ કરવું. સૌથી આંતરિક અને નાનું વર્તુળ સૈન્યની તૈયારી અને લશ્કરી ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

જનરલ ચૌહાણે સમજાવ્યું કે આ ત્રણેય વર્તુળો એકબીજા સાથે જોડાયેલા છે અને એકબીજા સાથે સુમેળમાં કામ કરે છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા ફક્ત સૈન્ય સુધી મર્યાદિત ન હોવી જોઈએ.

## રાહુલ ગાંધીનો સરકાર પર 'ટેરિફ પ્રહાર': ટ્રમ્પની નીતિઓથી ૪૫ કરોડ નોકરીઓના જોખમ માટે પીએમ મોદી જવાબદાર

નવીદિલ્હી,તા.૨૩

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર સરકારને કઠેડામાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. તેમણે તેમના એકસ હેન્ડલ પર એક વીડિયો ક્લિપ શેર કરી છે. રાહુલ ગાંધીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓનો ઉલ્લેખ કરીને ભારત પર થતી કથિત પ્રતિકૂળ અસરો પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે ટેરિફ દેશમાં લાખો નોકરીઓ અને વ્યવસાયોને જોખમમાં મૂકી રહ્યા છે. કોંગ્રેસના સાંસદે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકારે લોકોને રાહત આપવા માટે અસરકારક નિર્ણયો લીધા નથી. રાહુલે પોતાની પોસ્ટમાં હેશટેગનો પણ ઉપયોગ કર્યો. આ ટિપ્પણી આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી સાથે જોડવામાં આવી રહી છે. રાહુલે કહ્યું, "૪૫૦ મિલિયન+ નોકરીઓ અને લાખો વ્યવસાયો જોખમમાં છે, મોદી જવાબદાર છે"

## ભારતમાં રમાનાર ટી-૨૦ વર્લ્ડ કપનો બાંગ્લાદેશે બહિષ્કાર કરતા બીસીબીને રૂ.૨૪૦ કરોડનું નુકસાન થશે

નવીદિલ્હી, તા.૨૩

બાંગ્લાદેશે કડક વલણ અપનાવ્યું અને ૭ ફેબ્રુઆરીથી ભારતમાં યોજાનાર ટી ૨૦ વર્લ્ડ કપ માટે તેની ટીમ ભારતમાં મોકલવાનો ઈનકાર કર્યો. તેમણે આ ટી ૨૦ વર્લ્ડ કપનો બહિષ્કાર કર્યો છે. ભારત ન જવાનો અને આઈસીસી ટૂર્નામેન્ટનો બહિષ્કાર કરવાનો બાંગ્લાદેશ ક્રિકેટનો નિર્ણય



આગામી દિવસોમાં બાંગ્લાદેશ ક્રિકેટ માટે નોંધપાત્ર મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. ટી ૨૦ વર્લ્ડ કપ દરમિયાન ભારતમાં મેચ ન રમવાથી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને નોંધપાત્ર નુકસાન થઈ શકે છે. પરિણામે, બાંગ્લાદેશ ક્રિકેટ હવે પતનના આરે છે. અહેવાલ મુજબ, જો બાંગ્લાદેશ ટી ૨૦ વર્લ્ડ કપમાંથી બહાર થઈ જાય છે, તો બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને આગામી દિવસોમાં આશરે ૨૪૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે.

## ઈરાન પર હુમલાની તૈયારી? અમેરિકાનું સૌથી વિનાશક યુદ્ધ જહાજ 'અબ્રાહમ લિંકન' તેહરાન ભણી રવાના

વોશિંગ્ટન,તા.૨૩

ઈરાનમાં વિરોધ પ્રદર્શન દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેહરાનને વારંવાર ચેતવણી આપી હતી. દરમિયાન, યુએસએ તેના સૌથી વિનાશક યુદ્ધ જહાજને ઈરાન તરફ વાળ્યું છે. યુએસ નેવીનું એરક્રાફ્ટ કેરિયર, યુએસએસ અબ્રાહમ લિંકન, મધ્ય પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે અને ઈરાન તરફ આગળ વધી રહ્યું છે. આ જહાજ સંપૂર્ણ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ લઈને જઈ રહ્યું છે, જેમાં ગાઈડેડ મિસાઈલ ક્રુઝર, ડિસ્ટ્રોયર, સબમરીન અને અન્ય સપોર્ટ વોરશિપનો સમાવેશ થાય છે. આ યુએસ વોરશિપ કાફલો એશિયા-પેસિફિકથી રવાના થઈ ગયો છે અને અરબી સમુદ્રમાં ઈરાન તરફ આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતે તેને "આર્મડા" અથવા "ફ્લોટિલા" તરીકે વર્ણવ્યું છે, જે ઈરાન પર નજર રાખવા અને જો જરૂરી હોય તો કાર્યવાહી કરવા માટે તૈનાત કરવામાં આવ્યું છે. તેમણે એમ



પણ કહ્યું કે યુએસ કોઈપણ સંઘર્ષ ટાળવા માંગે છે અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. યુદ્ધ જહાજની તૈનાતીને ઈરાનમાં વિરોધ પ્રદર્શન અને સરકારના કડક પગલાંના પ્રતિભાવ તરીકે જોવામાં આવી રહી છે. યુએસએસ અબ્રાહમ લિંકનને વિશ્વના સૌથી ઘાતક એરક્રાફ્ટ કેરિયર્સમાંનું એક માનવામાં આવે છે. F-૩૫C લાઈટનિંગ II અને F/A-૧૮ સુપર હોર્નેટ જેવા ડઝનબંધ આધુનિક ફાઈટર એરક્રાફ્ટ તેના ડેક પર તૈનાત છે. આ જહાજ સમુદ્ર, જમીન અને હવાથી હુમલા કરવા સક્ષમ છે, અને તેની સાથેનું સ્ટ્રાઈક ગ્રુપ દુશ્મનના લક્ષ્યો પર ચોક્કસ પ્રહાર કરી શકે છે.

## ઈન્દોર બાદ હવે મહુમાં ગટરની પાઈપલાઈન પીવાના પાણી સાથે ભળતા ૨૪થી વધુ લોકો બીમાર

(એચ.એસ.એલ),ભોપાલ,તા.૨૩

ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે મૃત્યુના સમાચાર હજુ શાંત થયા નથી ત્યારે જિલ્લામાં મહુથી ગંભીર પરિસ્થિતિ સામે આવી છે. દૂષિત પાણી પીવાથી કમળો જેવા ચેપ ઝડપથી ફેલાઈ રહ્યા છે, અને બાળકો સૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યા છે. મહુના પટ્ટી બજાર અને મોતી મહેલ વિસ્તારોમાં, છેલ્લા ૧૦ થી ૧૫ દિવસમાં બે ડઝન લોકો બીમાર પડ્યા છે. સ્થાનિક રહેવાસીઓ કહે છે કે નળમાંથી આવતું પાણી



કાદવવાળું અને તીવ્ર ગંધવાળું છે, અને તે પીધા પછી લોકોનું સ્વાસ્થ્ય બગડે છે. આ વિસ્તારના ઘણા ઘરોમાં બાળકો એક સાથે બીમાર પડ્યા છે. કેટલાક ઘરોમાં, શાળાએ જતા બાળકો પથારીવશ છે, જ્યારે અન્ય પરીક્ષાઓ ચૂકી રહ્યા છે. ૧૨મા ધોરણની વિદ્યાર્થિની, અલીના, ચેપને કારણે તેની પ્રી-બોર્ડ પરીક્ષા ચૂકી ગઈ, જ્યારે ૯ વર્ષની લક્ષિતા અને ૧૨ વર્ષની ગીતાંશ કમળા સામે ઝઝૂમી રહી છે. એક જ પરિવારના છ બાળકો ઘણા દિવસોથી બીમાર છે. મોતી મહેલ વિસ્તારની પરિસ્થિતિ વધુ ચિંતાજનક છે. નાના બાળકોને તબિયત બગડતા હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા, જ્યારે એક વૃદ્ધ વ્યક્તિને લીવર ઈન્ફેક્શનના કારણે ઈન્દોર રિફર કરવામાં આવ્યા હતા. સ્થાનિક રહેવાસીઓનો આરોપ છે કે તેઓ લાંબા સમયથી દૂષિત પાણીની ફરિયાદ કરી રહ્યા છે.

# રાજકોટમાં ફ્લેટના હપ્તા ભરવાની ચિંતામાં સોની પરિવારનો સામૂહિક આપઘાતનો પ્રયાસ

રાજકોટ,તા.૨૩

રાજકોટ શહેરના ૮૦ ફૂટ રોડ પર રહેતા સોની પરિવાર ગઈકાલે મોડી રાત્રિના ૧ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતો ત્યારે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ એક સાથે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ પછી ધીમે ધીમે ઝેરની અસર શરૂ થતા તેમને ત્રણેયને ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની ઈમરજન્સી વિભાગમાં





સારવાર ચાલી રહી છે અને હાલ તબિયત સુધારા પર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા થોરાળા પોલીસ ટીમ હોસ્પિટલ પહોંચી હતી. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આપઘાતનો પ્રયાસ કરનાર આધેડને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. તેઓ અગરબત્તીનો વેપાર કરે છે અને તેઓ જે ફ્લેટમાં રહે છે તેની ઉપર બેંક લોન ચાલી રહી છે. આ લોન પેટે રૂપિયા ૭૫૦૦નો માસિક હપ્તો આવતો હતો. અચાનક ધંધામાં મંદી આવતા ફ્લેટની લોનના છ હપ્તા ભરી શક્યા નહોતા. જેથી આર્થિક ભીંસ આવી પડી હતી. આ ચિંતામાં પરિવારે સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસે નિવેદન નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી સહિત રાજ્યમાં વાદળછાયુ વાતાવરણ : માવઠાની આગાહી કરાઈ

**હવામાન વિભાગે ઉત્તર ગુજરાત અને કચ્છમાં યલો એલર્ટ જાહેર કર્યું**

રાજકોટ,તા.૨૩

ગુજરાતમાં ભર શિયાળે કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો હતો ત્યાં જ શુક્રવારે સવારથી વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. રાજ્યના મોટા ભાગમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે, ભારે પવન ફૂંકાઈ



રહ્યો છે અને અનેક વિસ્તારોમાં હળવો વરસાદ (માવઠું) પડ્યો છે. અમદાવાદમાં સવારથી વાદળોનું આવરણ છવાયું હતું અને ઓફિસ-સ્કૂલ જતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા છે. કચ્છના ઉત્તર ભાગમાં પણ છૂટો-છવાયો વરસાદ પડી શકે છે. વીજળીના કડાકા-ભડાકાની સંભાવનાને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે ઉત્તર ગુજરાત અને કચ્છ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

# અમદાવાદમાં વિધર્મી સાથે લિવ-ઈનમાં રહેતી યુવતીનો આપઘાત

અમદાવાદ,તા.૨૩



અમદાવાદ શહેરમાં પરિવાર વિરૂદ્ધ જઈને અન્ય ધર્મના યુવકના પ્રેમમાં પાગલ યુવતીને અંતે પોતાનું જીવન ટૂંકાવવાની નોબત આવી છે. બે વર્ષ સુધી મોહંમદ આબિદ નામના યુવક સાથે રહ્યા બાદ પૂજા નામની યુવતીને જાણ થઈ કે તે પરિણીત હતો. પરિવારજનોએ યુવતીને પરત લાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા, પરંતુ તે યુવકના પ્રેમમાં પાગલ થઈ ગઈ હતી. યુવતીએ પોતાના ભાડાના મકાનમાં પ્રેમીના ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી લીધી છે. યુવતીએ પહેલા હાથમાં બ્લેડ મારી હતી અને બાદમાં ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું.

# જામનગરમાં યુવકને ત્રણ શખ્સોએ છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી રહેંસી નાખ્યો

જામનગર,તા.૨૩

જામનગરના પંચેશ્વર ટાવર નજીક વંડાફળી વિસ્તારમાં આદિનાથ એપાર્ટમેન્ટના પાંચમા માળે રહેતા નિલય કુંડલિયા નામના યુવાનની વસંતપંચમીના દિવસે હત્યા કરવામાં આવી છે. ત્રણ શખ્સે છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી દેતાં નિલય કુંડલિયા લોહીલુહાણ થઈને ઢળી પડ્યો



હતો. આ વેળાએ ઘરમાં હાજર રહેલી તેની પત્નીએ ભારે બૂમાબૂમ કરી મૂકી હતી અને તેને બચાવવાના પ્રયત્નો કર્યા હતા. એમાં પોતે પણ સંપૂર્ણપણે લોહીથી ખરડાઈ હતી. છરીના ઘા ઝીંકી દેવાતાં યુવક લોહીલુહાણ થયો હતો. બૂમાબૂમ થતાં પાડોશીઓ એકત્ર થઈ ગયા હતા અને સૌપ્રથમ આ બનાવ અંગે ૧૦૮ની ટીમને જાણ કરાઈ હતી, જેથી ૧૦૮ની ટુકડી ઘટનાસ્થળે દોડી આવી હતી અને લોહી નીતરતી હાલતમાં વણિક યુવાનને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ ત્યાં માત્ર તેનો મૃતદેહ જ પહોંચ્યો હતો અને બનાવ હત્યામાં પલટાયો હતો.

# અમદાવાદના ગોતા વિસ્તારમાં પૂરપાટ ઝડપે આવતી એએમટીએસ બસે ત્રણ વાહનોને અડફેટે લીધા

અમદાવાદ,તા.૨૩



અમદાવાદના ગોતા વિસ્તારમાં AMTS બસ દ્વારા અકસ્માત કરવામાં આવ્યો છે. પૂરપાટ ઝડપે આવી રહેલી AMTS બસે એક સ્કૂલવાન, ટેમ્પો અને રિક્ષા એમ ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બે લોકોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શહેરના ગોતા વિસ્તારમાં ચાંદની હોમ ડેકોરેટરની સામે ત્રણ રસ્તા નજીક પૂરપાટ ઝડપે AMTS બસ આવી હતી અને સ્કૂલવાન સહિત ૩ વાહનોને અડફેટે લીધા હતા. એક ગ્રે કલરની ફોર-વ્હીલર નીકળતી હોવાથી સ્કૂલવાન ચાલક રોડ પર ઊભો હતો અને ટેમ્પોચાલક સામેથી આવી રહ્યો હતો. જ્યારે રિક્ષા પણ ત્યાં ઊભી હતી. આ દરમિયાન અચાનક જ બસ આવી હતી અને સૌથી પહેલા સ્કૂલવાનને ટક્કર મારતાં ટેમ્પો સહિત ત્રણેય વાહનો જોરદાર ટકરાયા હતા.

# ‘૨૬મીએ તિરંગો ફરકાવશો તો બોમ્બથી ઉડાવી દઈશું’ અમદાવાદની શાળાઓને ધમકી

અમદાવાદ,તા.૨૩

‘મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન, તમારા બાળકોને બચાવી લો, ૨૬મીએ તિરંગો ફરકાવશો તો સ્કૂલને ઉડાવી દઈશું’. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫એ અમિત શાહના લોકસભા વિસ્તારની જાણીતી સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકી મળ્યાના ૩૬ દિવસ બાદ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬એ ફરી એક વખત અમદાવાદની આર્મી સ્કૂલ સહિત ૧૫ શાળાને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેલ મળતા વાલીઓ ફફડી ઉઠ્યા હતા. ફરી એક વખત અમદાવાદમાં અફરાતફરીનો માહોલ




જોવા મળ્યો હતો. વાલીઓ પોતાના નોકરી-ધંધે નીકળી ગયા હતા અને સ્કૂલોમાંથી ફોન આવતા ફફડાટમાં સ્કૂલે પહોંચ્યા હતા. સ્કૂલોમાં વાલીઓની ભીડ જોવા મળી હતી. પોલીસ પણ તાત્કાલિક સ્કૂલોમાં પહોંચી ગઈ હતી. બોમ્બ-ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરાઈ તો ફાયર બ્રિગેડની ટીમોને પણ સ્કૂલો પર મોકલી દેવાઈ હતી. બોમ્બ-ડોગ સ્ક્વોડ અને પોલીસે તમામ સ્કૂલોમાં સર્ચ કર્યું હતું, પરંતુ એક પણ સ્કૂલમાંથી કંઈ પણ વાંધાજનક વસ્તુ ના મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# સુરત શહેરમાં ઈન્ફલુએન્સર હિરેન પટેલે બે બાઈકસવારને અડફેટે લીધા, લોકોએ ઢીબી નાખ્યો

**રોષે ભરાયેલા લોકોએ કહ્યું આને ઝેરી દવા પીવડાવી દેવી જોઈએ**

સુરત,તા.૨૩

સુરત શહેરના મોટા વરાછા વિસ્તારમાં ૨૨ જાન્યુઆરીની રાત્રે એક ગમખ્વાર અકસ્માત થયો હતો. ઈન્સ્ટાગ્રામ પર ૭ લાખથી વધુ ફોલોઅર્સ ધરાવતા જાણીતા ઈન્ફ્લુએન્સર હિરેન



પટેલે દારૂના નશામાં ધુત થઈને પોતાની કાર વડે બે બાઈકસવારને અડફેટે લીધા હતા. આ ઘટનામાં ઈજાગ્રસ્તોને ગંભીર ઈજાઓ પહોંચતાં હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે રોષે ભરાયેલા લોકોએ હિરેન પટેલને પકડીને મેથીપાક ચખાડ્યો હતો. આ સાથે રોષે ભરાયેલા લોકોએ કહ્યું હતું કે આને તો મોટોકોટો (ઝેરી દવા) પીવડાવી દેવી જોઈએ.




# મૂળ ભાવનગરના અને મુંબઈ વસતા પિતા અને પુત્રને એકસાથે હાર્ટ એટેક આવતા મોત

ભાવનગર,તા.૨૩

મુંબઈમાં વસતા એક ગુજરાતી પરિવાર પર આભ તૂટી પડવા જેવી ઘટના બની હતી. મૂળ ભાવનગરના બોરીચા પરિવારના પિતા પુત્રને એકસાથે





હાર્ટ એટેક આવતા બંનેના મોત નિપજ્યા હતા. જોકે, દુખની વાત એ હતી કે, પરિવારની મહિલાએ મદદ માટે એપાર્ટમેન્ટના અન્ય પરિવારના દરવાજા ખખડાવ્યા, તો કોઈ મદદે આવ્યું ન હતું. મુંબઈના પરેલ વિસ્તારની આ ઘટના છે. મૂળ ભાવનગરના વલ્લભીપુરનો બોરીચા પરિવાર પરેલ વિસ્તારના પરેલ વિલેજ માર્કેટ બિલ્ડીંગમાં રહે છે. આ પરિવારના ૪૨ વર્ષીય દીકરા ઉમેશ બોરીચાને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. પુત્રને દુઃખાવો ઉપડતા જોઈને પિતા વસંત બોરીચા તેની મદદે દોડી ગયા હતા. પરંતુ આ બાજુ બીજી મોટી સમસ્યા સર્જાઈ હતી. દીકરાની હાલત જોઈને ૭૨ વર્ષીય પિતાને પણ હાર્ટ એટેક આવ્યો હતો, અને તેઓ પણ ત્યાં જ ઢળી ગયા હતા. આમ, પળવારમાં પિતા પુત્રનો જીવ ગયો હતો. પિતા અને પુત્ર બંનેનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. એકસાથે બંનેની અર્થી નીકળતા ગુજરાતી સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતું.










